RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 52, Dt.11-05-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સરમુખત્યારશાહીને આવતી રોકવા લડીશઃ કેજરીવાલનો હુંકાર

## મારા લોહીનું એક-એક ટીપુ દેશ માટે કુરબાન છે, દેશને તાનાશાહીથી બચાવવા ૧૪૦ કરોડ લોકો સમક્ષ ભીખ માંગી રહ્યો છુંઃ વડાપ્રધાન મોદી આવતા વર્ષે નિવૃત્ત થઈ રહ્યા છેઃ મુખ્યમંત્રી કેજરીવાલ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી (AAP)ના વડા અરવિંદ કેજરીવાલને ૫૦ દિવસની કસ્ટડી બાદ શુક્રવારે (૧૦ મે)ના રોજ વચગાળાના જામીન મળ્યા હતા. સુપ્રીમ કોર્ટે કેજરીવાલને પહેલી જૂન સુધી વચગાળાના જામીન આપ્યા છે, ત્યારબાદ કેજરીવાલને ૨ જૂને આત્મસમર્પણ કરવું પડશે. દિલ્હીના સીએમ શુક્રવારે સાંજે જ તિહાર જેલમાંથી બહાર આવ્યા હતા. હાલ કેજરીવાલ પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા છે.

પ્રેસ કોન્ફરન્સને સંબોધતા સીએમ કેજરીવાલે કહ્યું કે 'હું મારા દેશને આ તાનાશાહીથી બચાવવા ૧૪૦ કરોડ લોકોની ભીખ માંગવા આવ્યો છું. તેમજ હું સુપ્રીમ કોર્ટનો આભાર માનું છું. તેઓએ મને ૨૧ દિવસનો સમય આપ્યો છે. દિવસમાં ૨૪ કલાક છે, હું આ સરમુખત્યારશાહીને રોકવા માટે આખા દેશનું ભ્રમણ કરીશ. મારા લોહીનું એક-એક ટીપું દેશ માટે કુર્બાન છે.'

દિલ્હીના સીએમ કેજરીવાલે ભાજપને પૂછ્યું કે તમારા વડાપ્રધાન કોણ હશે? તમે વિચારતા હશો કે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે, પરંતુ ના, આવતા વર્ષે મોદી ૭૫ વર્ષના થઈ રહ્યા છે. અને વડાપ્રધાન મોદીએ ખુદ ભાજપની અંદર એક નિયમ બનાવ્યો હતો કે ૭૫ વર્ષની વયે તેઓ નિવૃત્ત થઈ જશે. પહેલા લાલકૃષ્ણ અડવાણી અને પછી મુરલી મનોહર જોશી નિવૃત્ત થયા. કેજરીવાલે કહ્યું કે આવી સ્થિતિમાં જો ભાજપની સરકાર બને છે તો ગૃહમંત્રી અમિત શાહ દેશના વડાપ્રધાન બની શકે છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે 'દરેકને મારી શુભેચ્છા. હું ૫૦ દિવસ પછી જેલમાંથી સીધો તમારી પાસે આવ્યો છું, સારું લાગે છે. બજરંગબલીની કૃપા છે. અઅડના ટોચના નેતાઓને જેલમાં મોકલવામાં આવ્યા હતા. PMએ અઅડને કચડી નાખવામાં કોઈ કસર છોડી નથી. તેઓએ મને જેલમાં મોકલી દીધો. તેમણે સૌથી વધુ ચોરોને પોતાની પાર્ટીમાં સામેલ કર્યા.' આ ઉપરાંત સીએમ કેજરીવાલે કહ્યું કે 'વડાપ્રધાન મોદી દેશના તમામ નેતાઓને ખતમ કરવા માંગે છે. વડાપ્રધાન મોદી વિપક્ષના તમામ નેતાઓને જેલમાં મોકલવા માંગે છે.'

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જેલમાંથી છૂટ્યા બાદ અઅડની પહેલી પ્રેસ કોન્ફરન્સમાં પંજાબના સીએમ ભગવંત માને કહ્યું કે 'લોકો અમારી સાથે છે.' દિલ્હીના મુખ્યમંત્રીએ જેલમાંથી બહાર આવ્યા બાદ સૌથી પહેલા કનોટ પ્લેસના હનુમાન મંદિરમાં પૂજા કરી હતી. આ પછી તેઓ પત્ની સાથે નવગ્રહ મંદિર પહોંચ્યા, જ્યાં તેમણે ભગવાન શિવની પૂજા કરી. આ દરમિયાન સીએમ ભગવંત માન પણ હાજર હતા.

# ધો.૧૦નું રેકોર્ડબ્રેક ૮૨.૫૬ ટકા પરિણામ જાહેરઃ સૌથી વધુ ૧૦૦ ટકા પરિણામ તલગાજરડા કેન્દ્રનું સૌથી ઓછુ ગાંધીનગર જિલ્લાનું

## ધો.૧૦માં રાજકોટ જિલ્લાનું ૮૫.૨૩% પરિણામઃ૨૭૯૧ વિદ્યાર્થીઓને એવન-ગ્રેડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શિક્ષણ બોર્ડ દ્વારા ચાલુ વર્ષે ધો.૧૨ સાયન્સ-કોમર્સના વિક્રમી પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ આજે ધો.૧૦ (એસએસસી)નું પણ ઇતિહાસનું સૌથી ઉંચુ અને વિક્રમ ૮૨.૫૬ ટકા પરિણામ જાહેર કરાયું છે. વિદ્યાર્થીઓને ખુશખુશાલ કરી દેતા આ પરિણામમાં ગત વર્ષ કરતા ચાર ગણા વધુ એટલે કે ૨૩૨૪૭ વિદ્યાર્થીઓએ ટોચના એ-૧ ગ્રેડમાં સ્થાન હાંસલ કર્યુ છે. ૨૦૨૩ની સરખામણીએ આ પરિણામ ૧૭.૯૪ ટકા ઉંચુ છે.





સમગ્ર રાજયમાં અગાઉના પરિણામોની જેમ એ-૧ ગ્રેડમાં સૌથી વધુ સુરતના ૪૮૭૦ વિદ્યાર્થી છે. તે બાદ રાજકોટ જિલ્લાના ૨૭૯૧ વિદ્યાર્થીઓનો ટોપ ગ્રેડમાં સમાવેશ થયો છે. ધો.૧૦ના પરિણામમાં પણ સૌરાષ્ટ્રના જિલ્લાઓનું પરિણામ ઘણું સુધર્યુ છે. સૌરાષ્ટ્રમાં સૌથી ઉંચુ બોટાદ જિલ્લાનું ૮૫.૮૮ ટકા પરિણામ છે. આ સિવાય રાજકોટ, ભાવનગર, કચ્છ, જામનગર, સુરેન્દ્રનગર, મોરબી જિલ્લાના પરિણામ પણ ૮૦ ટકા ઉપર આવ્યા છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ રાજકોટ જિલ્લાના ૨૭૯૧ બાદ ભાવનગર જિલ્લાના ૧૫૭૫ વિદ્યાર્થી એ-૧ ગ્રેડમાં સામેલ છે.

આજે ધો.૧૦નું પરિણામ જાહેર થતા ફરી એક્વાર રાજકોટ શહેર અને જિલ્લાની ૧૧૬ શાળાઓનું ૧૦૦% પરિણામ આવેલ છે. શહેરની ધોળકિયા સ્કૂલના વિદ્યાર્થીઓએ પોતાનો દબદબો જાળવી રાખતા ચાર વિદ્યાર્થીઓએ સમગ્ર ગુજરાત બોર્ડમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. વધુમાં સમગ્ર ગુજરાતમાં ૨૪ વિદ્યાર્થીઓ ઝળક્યા હતા.

આજે બોર્ડે જાહેર કરેલા પરિણામ અનુસાર ૬૯૯૫૯૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી ૫૭૭૫૬૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. પુરા રાજ્યમાં સૌથી વધુ પરિણામ ગાંધીનગર જિલ્લાનું ૮૭.૨૨ ટકા અને સૌથી ઓછું પોરબંદર જિલ્લાનું ૭૪.૫૭ ટકા આવ્યું છે. કેન્દ્રોમાં સૌથી વધુ પરિણામ ભાવનગર જિલ્લાના તલગાજરડા કેન્દ્રનું ૧૦૦ ટકા અને અમદાવાદ જિલ્લાના દાલોદ કેન્દ્રનું ૧૦૦ ટકા આવ્યું છે. સૌથી ઓછું પરિણામ ધરાવતું એક કેન્દ્ર ભાવનગર જિલ્લાનું ૪૧.૪૩ ટકા છે.

સમગ્ર રાજયમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા પાંચ ગણી વધી ગઇ છે. ૨૦૨૩માં ૨૭૨ શાળાનું પરિણામ ૧૦૦ ટકા હતું. આ વર્ષે ૧૩૮૯ શાળાના તમામ વિદ્યાર્થીઓ પાસ થયા છે. ૩૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાઓ ગત વર્ષે ૧૦૮૪ હતું. જે આ વર્ષે ૨૬૪ થઇ છે. ઝીરો ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા પણ ૧૫૭માંથી ઘટીને ૭૦ થઇ છે.

# આંધ્ર પ્રદેશમાં ટેમ્પાએ પલ્ટી મારતા રસ્તા પર વિખેરાયા રૂ.૭ કરોડ

## ચૂંટણી સમયે વધુ નોટોનો જથ્થો મળતાં તંત્ર આવ્યું હરકતમાં

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આંધ્રપ્રદેશમાં શનિવારે ફરી એક વખત ભારે માત્રામાં રોકડ જપ્ત કરાઈ. અગાઉ શુક્રવારે પણ એનટીઆર જિલ્લામાં ૮ કરોડ રૂપિયા જપ્ત કરાયા હતા. તાજેતરનો મામલો રાજ્યના પૂર્વ ગોદાવરી જિલ્લાનો છે જ્યાં શનિવારે થેલામાં ભરીને સાત કરોડ રોકડા લઈ જવામાં આવી રહ્યા હતા. તે સમયે જ નલ્લાજર્લા મંડલના અનંતપલ્લી ખાતે એક ટ્રક સાથેની ટક્કરમાં ટેમ્પો પલટી ખાઈ ગયો અને અહીંથી પોલ ખુલી ગઈ.



આ દશ્ય જોતાં જ સ્થાનિકો મદદ માટે દોડી આવ્યા હતા પરંતુ નોટોના બંડલો જોઈને જ તેમના હોંશ ઊડી ગયા હતા. લોકોએ કહ્યું કે ટેમ્પોમાં ૭ થેલા ભરીને રોકડ ભરેલી હતી. પોલીસને જાણ કરાઈ અને રકમને જપ્ત કરવામાં આવી. આ ટેમ્પો વિજયવાડાથી વિશાખાપટ્ટનમ જઇ રહ્યો હોવાની માહિતી છે. અકસ્માતનો ભોગ બનેલા ટેમ્પો ડ્રાઈવરને ઈજા થઇ હતી અને તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો.

# દિલ્હી સહિત અનેક રાજ્યોના હવામાનમાં પલ્ટોઃ બે સાઈકલોનિક સરકયુલેશન ટ્રફથી ઝંઝાવતી વાતાવરણ સર્જાયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આકરા ઉનાળાનો સામનો કરતા દેશનાં પાટનગર દિલ્હી સહીતનાં અનેક ભાગોમાં હવામાન પલ્ટો સર્જાયો છે. દિલ્હીમાં ભારે વરસાદ વચ્ચે આંધી-તોફાનનું તાંડવ સર્જાતા સંખ્યાબંધ વૃક્ષોનો સોથ વાળ્યો હતો અને મકાનો ધરાશાયી થયા હતા. ભીષણ ટ્રાફીક જામ વચ્ચે બે લોકોના મોત થયા હતા. જયારે ૨૩ લોકો ઘાયલ થયા હતા. ઉતરાખંડ, તામિલનાડુ તથા રાજસ્થાનમાં પણ સમાન હાલત હતી અને અનેક રાજયોમાં વરસાદ-આંધી ફુંકાવાની આગાહી કરવામાં આવી હતી.

પાટનગર દિલ્હી-એનસીઆરમાં મોડી રાત્રે એકાએક આંધીની આફત સર્જાઈ હતી. વરસાદ વચ્ચે આંધી ફુંકાતા અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયા હતા. મકાનો-ઈમારતો ક્ષતિગ્રસ્ત બન્યા હતા. જમીન દોસ્ત થયા હતા. વૃક્ષ નીચે દબાઈ જતા બે લોકોનાં મોત નિપજયા હતા. જયારે છ ઘાયલ થયા હતા. ઈમારત પડવાની ઘટનામાં ૧૭ લોકો ઘાયલ થયા હતા.



ઝંઝાવાતનો પગલે અનેક ભાગોમાં વિજ પુરવઠો ખોરવાયો હતો.સતાવાર રીપોર્ટ પ્રમાણે રાત દરમ્યાન ઝાડ પડવાના ૧૫૨ કોલ આવ્યા હતા. જયારે મકાન-ઈમારતો ધસી પડવાના ૫૫ કોલ આવ્યા હતા. માર્ગો પર વૃક્ષો ધસી પડવાથી ઠેકઠેકાણે ટ્રાફીક જામ સર્જાયો હતો. ઝંઝાવાત દરમ્યાન જુદા જુદા ભાગોમાં ૫૦ થી ૭૭ કીમીની ઝડપે પવન ફુંકાયો હતો. વરસાદ-ધુળ સાથેની આંધીથી વાહન ચાલકો તથા રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. હોર્ડીંગ પણ ધરાશાયી થયા હતા.

પાટનગરમાં ખરાબ હવામાનને કારણે ૯ ફલાઈટ જયપુર ડાઈવર્ટ કરવામાં આવી હતી. હવામાન વિભાગે લોકોને સુરક્ષીત સ્થળે રહેવા તથા બહાર નહી નીકળવાની સુચના જાહેર કરી હતી. બીજી તરફ દેશનાં અનેક રાજયોમાં વિજળીનાં કડાકાભડાકા સાથે ઝંઝાવાતી વરસાદ થવાની આગાહી હવામાન વિભાગે કરી હતી. ઉતરાખંડ, તામીલનાડુ, રાજસ્થાન, પંજાબ, હરીયાણા, પશ્ચિમી ઉતર પ્રદેશ, મેઘાલય, અરૂણાચલ તથા કેરળમાં તોફાની વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

# વંથલીના રવની ગામે પિતા-પુત્રની ગોળી મારી હત્યાઃ ફરાર હત્યારાઓને ઝડપી લેવા ક્રાઈમ બ્રાંચ સહિતની ટીમો કામે લાગી

## અગાઉ થયેલ હત્યામાં બાતમી આપ્યાનો ખાર રાખી સીમમાં રખોપુ કરતા પિતા અને પુત્રનું ઢીમ ઢાળી દીધુ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જુનાગઢના વંથલી પોલીસ સ્ટેશન નીચેના રવની ગામે સીમમાં ગત રાત્રીના પિતા-પુત્રની ગોળી મારી હત્યા કરી નાખ્યાની ઘટના ઘટવા પામતા વંથલી પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની પ્રાથમિક વિગત મુજબ વંથલીથી ૧૦ કી.મી. દુર રવની ગામે રહેતા પિતા-પુત્રને રાત્રીના ૧૦ના સુમારે રિવોલ્વરમાંથી ફાયરીંગ કરી રવનીના રહીશ રફીક સાંધ (ઉ.૪૫) અને તેમનો પુત્ર જુહાન રફીક સાંધ (ઉ.૧૮) ઉપર ફાયરીંગ કરી આરોપી શકદાર હુસેન ઈસ્માઈલ સાંધે પિતા પુત્રનું ઢીમ ઢાળી દીધું હતું.

વર્ષ ૨૦૨૩માં રવની ગામે સલીમ સાંધનું મર્ડર થયેલ હોય જેમાં બાતમી આપનાર રફીક સાંધ હોવાનો ખાર રાખી આ મર્ડર કર્યાનું ચર્ચાઈ રહ્યું છે. મર્ડર કરી આરોપી ભાગી છુટયાની ઘટનામાં જુનાગઢ એસ.પી. હર્ષદ મહેતાએ ક્રાઈમ બ્રાંચ એસ.ઓ.જી. સહિતની ટીમોને કામે લગાડી આરોપીઓનો પત્તો મેળવવા તજવીજ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ રવની ગામે મર્ડર થયેલ હોય જેમાં સમાધાન થઈ ગયેલ ત્યારે સલીમ સાંધ ઉંમરમાં નાનો હોય પોતાના પિતાના મોતનો બદલો લેવા વર્ષ ૨૦૨૩માં સલીમ સાંધે મર્ડર કર્યુ હતું. જેની બાતમી રફીક સાંધે આપેલ હોય તેનો ખાર રાખી ગત રાત્રીના ૧૦ના સુમારે વાડીએ આવી હુસેન ઈસ્માઈલ સાંધ સહિત આઠથી ૧૦ શખ્સોએ હુમલો કરી બાપ દિકરાની નિર્મમ હત્યા કરી નાખી હતી.

હત્યામાં કુહાડી-ધારીયા, પિસ્તોલ સહિતના ઘાતક હથીયારો વડે નિર્મમ હત્યા વાડીએ કરી નાખી હતી. હત્યારાઓ અને મૃતક અંદરોઅંદર મામા ભાણેજ સાળા બનેવીઓ થતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ પહેલા ચાર મર્ડર થવા પામ્યાનું બહાર આવી રહ્યું છે. કેશોદ ડીવાયએસપી ઠકકરનો ફોન નો રીપ્લાઈ થઈ રહ્યો છે.

# ટેલિકોમ કંપનીઓને ૨૮,૨૦૦ મોબાઈલ ફોન બંધ કરવા આદેશ

## ડિજિટલ છેતરપિંડી રોકવા સરકારનો મત્ત્વનો નિર્ણયઃ ૨૦ લાખ મોબાઈલ નંબર્સનું રીવેરિફિકેશન થશે, બાવન એકમો બ્લેકલિસ્ટ કરાયાઃ ૧.૫૮ આઈએમઈઆઈ નંબર બ્લોક કરાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

'ડિજિટલ ઈન્ડિયા' તરફ આગળ વધી રહેલા ભારતમાં સાયબર ગુનાઓનું પ્રમાણ પણ વધી રહ્યું છે ત્યારે સરકારે મોબાઈલ ફોનથી થતા સાયબર ગુનાઓ પર લગામ લગાવવા માટે શુક્રવારે મોટું પગલું ભર્યું છે. સરકારે શુક્રવારે ટેલિકોમ કંપનીઓને ૨૮,૨૦૦ મોબાઈલ ફોન બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. સાથે જ આ હેન્ડસેટ સાથે સંકળાયેલા ૨૦ લાખ મોબાઈલ નંબરોની ફરીથી તપાસ કરવા પણ જણાવ્યું છે.



દેશમાં સાયબર ક્રાઈમ અને નાણાકીય છેતરપિંડીમાં ટેલિકોમ સંશાધનોનો દુરુપયોગ રોકવા માટે સરકારે ટેલિકોમ કંપનીઓને આ નિર્દેશ આપ્યા છે. ટેલિકોમ મંત્રાલયે શુક્રવારે એક નિવેદનમાં કહ્યું કે, ડિજિટલ જોખમોથી નાગરિકોની સુરક્ષા અને કૌભાંડીઓનું નેટવર્ક તોડી પાડવાના આશયથી ટેલિકોમ વિભાગ, ગૃહમંત્રાલય અને રાજ્ય પોલીસ દ્વારા મળીને સંયુક્ત રીતે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગૃહમંત્રાલય અને રાજ્ય પોલીસની તપાસમાં જણાયું હતું કે, ૨૮,૨૦૦ મોબાઈલ હેન્ડસેટનો સાયબર ક્રાઈમમાં ઉપયોગ થઈ રહ્યો છે. ત્યાર પછી ટેલિકોમ વિભાગની તપાસમાં જણાયું કે, આ મોબાઈલ ફોન પરથી ૨૦ લાખ જેટલા નંબરોનો ઉપયોગ કરાઈ રહ્યો હતો. આ તપાસ પછી હવે ટેલિકોમ વિભાગે આ મોબાઈલ ફોનને આખા દેશમાં બ્લોક કરવા માટે ટેલિકોમ કંપનીઓને આદેશ આપ્યો છે. સાથે જ આ ફોન સાથે સંકળાયેલા ૨૦ લાખ મોબાઈલ નંબરોની તુરંત ફરીથી તપાસ કરવા માટે પણ જણાવાયું છે. પુનઃ તપાસમાં આ નંબર યોગ્ય નહીં હોવાનું જણાય તો તેને પણ બંધ કરી દેવાનો આદેશ ટેલિકોમ કંપનીઓને ટેલિકોમ વિભાગ દ્વારા અપાયો છે.

ટેલિકોમ વિભાગે ટેલિકોમ છેતરપિંડી સંબંધિત ફરિયાદો સાંભળવા માટે બે મહિના પહેલા ચક્ષુ પોર્ટલ લોન્ચ કર્યું હતું. આ પોર્ટલ લોન્ચ કર્યા બાદથી વિભાગે સમગ્ર દેશમાં નાણાકીય છેતરપિંડીના ઈરાદાથી એસએમએસ મોકલનારા બાવન એકમોને બ્લેકલિસ્ટ કરી દીધા હતા, ૩૪૮ મોબાઈલ હેન્ડસેટ બ્લોક કરી દીધા હતા અને ૧૦,૮૩૪ શકમંદ મોબાઈલ નંબર્સની પુનઃ તપાસના નિર્દેશ આપ્યા હતા.

ઉપરાંત ટેલિકોમ વિભાગે સાયબર ગુના અને નાણાકીય છેતરપિંડીમાં સંડોવણી અથવા મોબાઈલ કનેક્શન લેવા માટે નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરવાના કારણે ૧.૫૮ લાખ યુનિક મોબાઈલ ડિવાઈસ આઈડેન્ટિફિકેશન નંબર આઈએમઈઆઈ બ્લોક કરી દીધા છે. આ વર્ષે ૩૦ એપ્રિલ સુધીમાં ટેલિકોમ વિભાગે ૧.૬૬ કરોડ મોબાઈલ કનેક્શન ડિસકનેક્ટ કરી નાંખ્યા છે, જેમાંથી ૩૦.૧૪ લાખ કનેકશન યુઝર્સના ફીડબેકના આધારે ડિસકનેક્ટ કરાયા છે તથા નવા સીમ કાર્ડ ખરીદવાની વ્યક્તિગત મર્યાદા વધી જવાના કારણે ૫૩.૭૮ લાખ કનેક્શન ડિસકનેક્ટ કરાયા છે.

સરકારનું કહેવું છે કે આ પગલું લોકોની સુરક્ષા અને ડિજિટલ દુનિયાને સુરક્ષિત બનાવવા માટે ઉઠાવવામાં આવી રહ્યું છે. ટેલિકોમ વિભાગે આ પહેલા પણ મંગળવારે આવો જ એક ફોન નંબર બંધ કરી દીધો હતો, જેનો ઉપયોગ નાણાકીય કૌભાંડમાં કરવામાં આવી રહ્યો હતો. સાથે જ આ નંબર સાથે સંકળાયેલા ૨૦ મોબાઈલ ફોન પણ બ્લોક કરી દેવાયા હતા.

# છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૧૨ નક્સલી ઠાર, ભારે માત્રામાં વિસ્ફોટ સામગ્રી-હથિયારો જપ્ત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

છત્તીસગઢના બીજાપુરમાં પીડિયાના જંગલોમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૧૨ નક્સલવાદીઓ ઠાર થયા છે. ઘટનામાં બે જવાનો પણ ઈજાગ્રસ્ત થયા છે. સુરક્ષા દળોએ ઘટનાસ્થળેથી મોટા પ્રમાણમાં વિસ્ફોટક સામગ્રી અને હથિયારો જપ્ત કર્યા છે. હાલ સુકમા, બીજાપુર અને દંતેવાડાની ડીઆરજી કોબરાની ૨૧૦ બટાલિયન અને એસટીએફના જવાનો દ્વારા સર્ચઓપરેશન ચાલી રહ્યું છે.



સુરક્ષા જવાનોએ જંગલમાં ઘણા નક્સલવાદીઓને ઘેરીને રાખ્યા છે. ઘટનાસ્થળે શુક્રવારે સવારે માર્યા ગયેલા નક્સલવાદીઓના મૃતદેહો અને હથિયારો સહિતનો સામાન જપ્ત કરાયો છે. જંગલમાં ટોચનો કમાન્ડર હોવાની સૂચના મળ્યા બાદ સર્ચઓપરેશન હાથ ધરાયું છે, જેમાં ત્રણેય જિલ્લાના જવાનો હાલ એન્ટી નક્સલ ઓપરેશન પર છે.

જવાનોને સૂચના મળી હતી કે, ગંગાલૂર પોલીસ સ્ટેશન ક્ષેત્રના પીડિયા વિસ્તારમાં નક્સલીઓના ટોચના કમાન્ડર લિંગા, પાપારાવ સહિત મોટા લીડર્સો જંગલમાં છે. આ ઉપરાંત નક્સલવાદીઓની ટીમમાં DKSJC, DVCM તેમજ અઈખ કેડરના મોટા નક્સલવાદીઓ પણ હાજર છે. આ સૂચના મળ્યા બાદ પડોશી જિલ્લાના દંતેવાડા, સુકમા તેમજ બીજાપુરથી STF, DRG, CRPF તેમજ કોબરા બટાલિયનના ૧૨૦૦ જવાનો સંયુક્ત અભિયાન ચલાવી રહ્યા છે.

નકસલવાદીઓ સાથેની અથડામણમાં સફળતા મળવા પર છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈએ જવાનો અને અધિકારીઓને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું કે, માર્યા ગયેલા નક્સલીઓના મૃતદેહ ઘટનાસ્થળેથી મળી આવ્યા છે. હથિયારો, વિસ્ફોટકો અને રોજિંદા ઉપયોગની વસ્તુઓ પણ જપ્ત કરવામાં આવી છે.

# જામનગરના સિકકા ગામે ટીપીએસ કોલોનીમાં જુદા જુદા ત્રણ રહેણાંક મકાનમાં ચોરી




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સિકકા ગામે ટીપીએસ કોલોનીમાં જુદા જુદા ત્રણ રહેણાંક ચોરી જામનગર સિકકામાં ટીપીએસ કોલોનીમાં ત્રાટકેલા તસ્કરોએ એક સાથે ત્રણ રહેણાંક મકાનને નિશાન બનાવી પાંચ લાખની રોકડ રકમ ઉપરાંત સોના-ચાંદીના દાગીના સહિત રૂા. ૧૪.૦૯ લાખની માતબર મતા ચોરી કરી લઇ ગયાનો બનાવ બહાર આવ્યો છે.ઘરધણી સમાજિક પ્રસંગે બહાર ગયા બાદ પાછળથી તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી લીધા હોવાનુ જાણવા મળ્યુ છે.પોલીસસુત્રોમાંથીમ ળતી વિગત અનુસાર જામનગર નજીક સિકકા ગામે ટીપીએસ કોલોનીમાં બ્લોક નં. ૪૧૮,કવાટર્સ નં. ૬માં રહેતા અને નોકરી કરતા મુળ જુનાગઢના વડાલ ગામના વતરી અભિષેકભાઇ પરેશભાઇ દવે નામના આસામીના બંધ રહેણાંક મકાનનુ તાળુ તોડી કોઇ શખસો અંદર ધુસ્યા હતા.જે બાદ સોના અને ચાંદીના વિવિધ દાગીનાઓ મળીને કુલ રૂા. ૭.૦૪ લાખથી વધુની માલમતા ચોરી કરી લઇ ગયા હતા.ઘરધણી મકાન બંધ કરીને જુનાગઢ વતનમાં ગયા બાદ તસ્કરોએ ઘરને નીશાન બનાવી લીધાનુ સામે આવ્યુ છે.ઉપરાંત તેની બાજુમાં રહેતા ચિંતનભાઇ પ્રેમજીભાઇ ગોહિલના રહેણાંક મકાનને પણ નિશાન બનાવી તસ્કરો સોના-ચાંદીના દાગીના સહિત રૂા. ૨.૦૬ લાખથી વધુની મતા ચોરી કરી લઇ ગયાનુ ખુલ્યુ છે.ઘરધણી બહાર ગામ ગયા બાદ ચોરીના બનાવને અંજામ આપ્યાનુ ખુલ્યુ છે.તદુપરાંત ત્યાં નજીકમાં રહેતા કરશનભાઇ એભાભાઇ મોઢવાડીયાના પણ બંધ મકાનને નિશાન બનાવી અંદરથી રૂા. પાંચ લાખની રોકડ રકમ ચોરી કરી ગયાનુ સામે આવ્યુ છે. ટીપીએસ કોલોનીમાં જુદા જુદા ત્રણ રહેણાંક મકાનમાંથી પાંચ લાખની રોકડ ઉપરાંત નવ લાખથી વધુની કિંમતના દાગીના સહિત રૂા.૧૪.૦૯ લાખની ચોરી મામલે અભિષેકભાઇ દવેની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી જુદી જુદી ઘરફોડીમાં લાખોનો દલ્લો ઉસેડી જનારા તસ્કરોને પકડી પાડવા કવાયત હાથ ધરી છે.

# જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર સર્જાયેલો ગોઝારો અકસ્માત

## મહિલા અને તેની માસુમ પુત્રીનુ મોત નિપજયુંઃ જયારે બાઇકચાલક યુવાનને પણ ગંભીર ઇજા






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર સર્જાયેલો ગોઝારો અકસ્માત જામનગરની ભાગોળે ખંભાળિયા ધોરીમાર્ગ પર સિકકા-વસઇ વચ્ચે પુરપાટ દોડતા ડમ્પરે બાઇકને ઠોકરે ચડાવતા સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં બાઇકસવાર મહિલા અને તેની માસુમ પુત્રીનુ ગંભીર ઇજા થવાથી મોત નિપજયા હતા જયારે બાઇકચાલક યુવાનને પણ ગંભીર ઇજા સાથે ૧૦૮ મારફતે સારવાર અર્થે હોસ્પીટલમાં ખસેડાયા હતા.ભોગગ્રસ્ત મહિલા અને તેની પુત્રી જામનગરની હોસ્પીટલમાંથી દવા લઇ પતિના બાઇક પર ઘરે જતા હતા ત્યારે માર્ગમાં જીવલેણ અકસ્માત નડયો હોવાનુ જાણવા મળ્યુ છે.મળતી વિગત અનુસાર સિકકા પંથકમાં રહેતા જુસબભાઇ સુલેમાનભાઇ સંધાર, તેના પત્ની મેમુનાબેન ઉપરાંત માસુમ પુત્રી આમના જામનગરની હોસ્પીટલમાં દવા-સારવાર અર્થે આવ્યા હતા.તેઓ જામનગરમાં કામકાજ પુર્ણ થતા બાઇક પર પરત ઘરે જવા નિકળ્યા હતા જે વેળાએ બાઇક જામનગર ખંભાળિયા ધોરીમાર્ગ પર વસઇ નજીક ગોલાઇ પાસેથી પસાર થઇ રહયુ હતુ ત્યારે પુરપાટ દોડતા ડમ્પર અને બાઇક વચ્ચે ધડાકાભેર ટકકર થઇ હતી.આ અકસ્માતમાં બાઇકસવાર મેમુનાબેન(ઉ.વ. ૩૫)ને શરીરે ગંભીર ઇજા થતા તેનુ ઘટનાસ્થળ પર કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયુ હતુ. જયારે માસુમ બાળકી આમના(ઉ.વ. ૦૬)ને ગંભીર હાલતમાં ૧૦૮ મારફતે સારવાર અર્થે જી.જી. હોસ્પીટલમાં લઇ જવાતા તેનુ પણ મૃત્યુ નિપજયુ હતુ.બાઇક ચાલક જુસબભાઇને પણ શરીરે ગંભીર ઇજા સાથે સારવાર અર્થે લઇ જવાયા હતા.અકસ્માતનો ભોગ બનેલા માતા-પુત્રી શુક્રવારે જામનગરની હોસ્પીટલ ખાતે દવા-સારવાર અર્થે આવ્યા હતા જે બાદ બાઇક પાછળ બેસી પરત જતા હતા ત્યારે સિકકા-વસઇ વચ્ચે ગોલાઇ પાસે ગોઝારા અકસ્માતમાં જીવ ગુમાવ્યા હતા. આ બનાવના પગલે પોલીસ કાફલો પણ દોડી ગયો હતો. અકસ્માતના બનાવમાં માતા-પુત્રીએ જીવ ગુમાવતા પરીવારમાં માતમ છવાયો છે.જયારે સિકકામાં પણ અરેરાટી સાથે શોકનુ મોજુ ફરી વળ્યુ છે.અકસ્માતનો ભોગ બનેલા મહિલાને સંતાનમાં ચાર બાળકો હતા જેમાં ત્રણ બાળક અને એક બાળકી હતા જેમાં માતા-પુત્રીનો અકસ્માતમાં ભોગ લેવાતા અન્ય ત્રણ બાળકોએ કુમળી વયે જ માતાની છત્રછાયા ગુમાવી દેતા પરીવાર પર વ્રજઘાત થયો છે.અકસ્માતના ઇજાગ્રસ્ત યુવાન ખાનગી કંપનીમાં નોકરી કરતા હોવાનુ જાણવા મળ્યુ છે.

# જામનગરમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી પર દરોડો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જોડિયાના પીઠડ ગામની કોબુ સીમમાં બાવળની ઝાળીઓમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી પોલીસે પકડી પાડી છે. ત્યાંથી દારૂ, આથો, ભઠ્ઠીના સાધનો મળી આવ્યા છે. જામનગર તાલુકાના બાડા ગામમાં બે મકાનમાંથી પણ બે ભઠ્ઠી ઝડપાઈ ગઈ છે.જોડિયા તાલુકાના પીઠડ ગામમાં કોબુ સીમ પાસે નદીના પટમાં દેશી દારૂની ભઠ્ઠી શરૂ થઈ હોવાની બાતમી પરથી જોડિયા પોલીસ સ્ટેશનના સ્ટાફે દરોડો પાડતા ત્યાં બાવળની ઝાળીઓમાંથી દેશી દારૂની ભઠ્ઠી મળી આવી હતી. રાજભા વિક્રમસિંહ જાડેજા નામના શખ્સની આ ભઠ્ઠીના સ્થળેથી ૫૦ લીટર આથો, ૧૫ લીટર દારૂ, ભઠ્ઠીના સાધનો, ગેસનો બાટલો અને જીજે-૧૦-ડીડી ૯૫૩૩ નંબરનું બાઈક મળી આવ્યું હતું. પોલીસે ઉપરોક્ત મુદ્દામાલ કબજે કરી રાજભાની શોધ હાથ ધરી છે.જામનગર તાલુકાના બાડા ગામમાં બાબભા જુવાનસિંહ જાડેજા નામના શખ્સના મકાનમાં પંચકોશી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફે દરોડો પાડતા ત્યાંથી પણ ભઠ્ઠી સાંપડી છે. ૩૫ લીટર આથો, તૈયાર દારૂ, સાધનો કબજે કરાયા છે. જ્યારે મહેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાના મકાનમાંથી ભઠ્ઠીના સાધનો, આથો, દારૂ ઝબ્બે લેવામાં આવ્યા છે.


# જામનગરમાં બાળક પર દુષ્કૃત્યના કેસમાં અદાલતે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં બાળક પર દુષ્કૃત્યના કેસમાં અદાલતે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. પ્રદર્શન મેદાન સામે શાળામાં અંદર લઇ જઇ નરાધમે અધમ કૃત્ય આચર્યું હતું. અદાલતે આરોપીને રૂ.૧૦૦૦૦નો દંડ ફટકાર્યો છે. જો દંડ ન ભરે તો વધુ ૬ મહિનાની સજાનો હુકમ કર્યો છે. ભોગ બનનારને બાળકને ૪ લાખ વળતર ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસની વિગત એવી છે કે, વર્ષ-૨૦૨૨માં ભરત ઉર્ફે પપ્પુ પરમારે એક સગીર વયના બાળકને પ્રદર્શન ગ્રાઉન્ડની સામે આવેલી શાળામાં અંદર લઇ ગયો હતો. જયાં બાળક પર ભરતે દુષ્કૃત્ય આચર્યું હતું. આથી ભોગ બનનાર બાળકે તેની માતાને બનાવની વાત કરી હતી.આથી બાળકની માતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી ભરત સામે આઇપીસી કલમ ૩૭૭, પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી અદાલતમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું. આ કેસ જામનગરની પોકસો અદાલતમાં ચાલી જતાં ભોગ બનનાર બાળક અને સાહેદોની જુબાની, ૨૭ દસ્તાવેજી પુરાવા અને જિલ્લા સરકારી વકીલ જમન ભંડેરીની રજૂઆતો ધ્યાને લઇ ન્યાયાધીશ એ.એ.વ્યાસે આરોપી ભરતને તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂ.૧૦૦૦૦નો દંડ ફટકાર્યો છે. જો દંડ ન ભરે તો વધુ ૬ મહિનાની સજા ફટકારી છે. ભોગ બનનારને બાળકને ૪ લાખ વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

# વૈભવી સંદીપભાઇ બગથરીયાની ઝળહળતી સિધ્ધીઃ ધો.૧૦ ની પરીક્ષામાં ૯૪ પી.આર.

**મુખ્ય સમાચાર, રાજકોટ**

'અકિલા' ના સીનીયર મોસ્ટ ફોટોગ્રાફર અશોકભાઇ બગથરીયાની પૌત્રી અને રાજકોટ પ્રેસ ફોટોગ્રાફર એસોસીએશનના પ્રમુખ સંદીપ બગથરીયાની લાડકવાયી પુત્રી ચિ. વૈભવી બગથરીયાએ ધો.૧૦ ની પરીક્ષામાં ૯૪ પી.આર. મેળવતા ચોમેરથી અભિનંદનવર્ષા થઇ રહી છે. પંચશીલ સ્કુલની વિદ્યાર્થીની એવી વૈભવી એન.સી.સી. માં પણ સારો દેખાવ કરે છે. શાળાકીય કાર્યક્રમોમાં પણ મોખરે રહે છે. ઇતર શોખમાં તેને વાંચન પ્રત્યે અપાર રૂચી છે. તેની આ ઝળહળતી સિધ્ધી બદલ શાળાના પ્રિન્સીપાલ ડી. કે. વાડોદરીયા તેમજ શાળા સ્ટાફે શુભેચ્છા પાઠવી છે. પરિવારમાંથી દાદા અશોકભાઇ, દાદી સગુણાબેન, પપ્પા સંદીપભાઇ, મમ્મી પુનમબેન, ભાઇ પ્રિન્સ અને અભિજીતે પણ અનહદ ખુશી સાથે શુભેચ્છાઓ વર્ષાવી છે.

# જામનગર જિલ્લાનું ધોરણ -૧૦નું ૮૨.૩૧ ટકા પરિણામઃ એ-૧ માં ૬૪૦ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા

## સૌથી વધુ ધ્રોલ કેન્દ્રનું ૯૦.૯૭ ટકા અને સૌથી ઓછું સિક્કા કેન્દ્રનું ૭૨.૮૮ ટકા પરિણામ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર , હાલારના બન્ને જિલ્લાઓ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધોરણ દસ નું આજે પરિણામ આવ્યું છે. જેમાં જામનગર જિલ્લામાં ધોરણ ૧૦ નું ૮૨.૩૧ ટકા જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધોરણ ૧૦ નું ૭૯.૯૦ ટકા પરિણામ આવ્યું છે. જામનગર જિલ્લામાં ધ્રોલ કેન્દ્રનું સૌથી વધુ ૯૦.૯૭ ટકા જયારે સિક્કા કેન્દ્રનું સૌથી ઓછું ૭૨.૮૮ ટકા પરિણામ આવ્યું છે. જામનગર જિલ્લામાં ૬૪૦ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા છે'' તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૩૭ વિદ્યાર્થી એ-૧ ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા છે.જામનગર જિલ્લામાં ધોરણ ૧૦ માં ૧૩૪૩૭ વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જે પૈકી ૧૩૩૪૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, અને ૬૪ વિદ્યાર્થી ગેર હાજર રહ્યા હતા. જે પૈકી ૬૪૦ વિદ્યાર્થી એ-૧ ગ્રેડમાં ઉત્તીર્ણ થયા હતા, જ્યારે ૧૯૯૮ વિદ્યાર્થી એ-૨ ગ્રેડ સાથે પાસ થયા હતા. ઉપરાંત બી-૧ માં ૨૫૦૮ વિદ્યાર્થી અને બી-૨ માં ૨૬૩૬ વિદ્યાર્થી પાસ થયા હતા. જ્યારે સી-૧ માં ૨૨૨૦ વિદ્યાર્થી, સી-૨ માં ૯૩૮ વિદ્યાર્થી, ડી માં ૪૮ અને ઇ-૧ માં ૧૪૯૪ અને ઇ-૨ માં ૮૬૭ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા હતા, અને ૮૨.૩૧ ટકા પરિણામ આવ્યું છે.

જામનગર જિલ્લામાં ટકાવારી પ્રમાણે ધ્રોળ કેન્દ્રનું સૌથી વધુ ૯૦.૯૭ ટકા પરિણામ આવ્યું છે, જ્યારે સિક્કા કેન્દ્રનું સૌથી ઓછું ૭૨.૮૮ ટકા પરિણામ આવ્યું છે.

# મોરબી તાલુકામાં આવેલ ઘોડધ્રોઇ ડેમનો એક દરવાજો ખોલાયો

## ઘોડાધ્રોઈ સિંચાઇ યોજના દ્વારા હેઠવાસના ગામોને ચેતવણી સંદેશ આપવામાં આવ્યો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકામાં આવેલ ઘોડધ્રોઇ ડેમ ૧૦૦ ટકા ભરાઈ જતા રૂલ લેવલ જાળવવા ડેમનો એક દરવાજો ૦.૦૨મીટર ખોલવામાં આવી ડેમનું પાણી નદીમાં છોડવામાં આવ્યું છે. ત્યારે છે ત્યારે નદીના પટ્ટમાં અવર જવર કરતા લોકો તેમજ હેઠવાસમાં આવતા મોરબી તાલુકાના અને માળીયા(મી) તાલુકાના કુલ ૧૦ ગામોને સિંચાઈ વિભાગ દ્વારા ચેતવણી સંદેશ આપવામાં આવેલ છે.

મોરબી તાલુકાના ઝીકીયારી ગામ પાસે આવેલ ધોડાધ્રોઈ સિંચાઇ યોજનામાં રૂલ લેવલ મુજબનું ૧૦૦ ટકા પાણી ભરાઇ ગયેલ છે. તે ઉપરાંત હજુ પાણીની આવક ચાલુ હોય ત્યારે વધારાનું પાણી નદીમાં છોડવાની જરૂરિયાત ઉભી થયેલ છે. જેથી ઘોડધ્રોઇ સિંચાઈ વિભાગ દ્વારા ડેમનો એક દરવાજો ૦.૦૨ મીટર ખોલવાના આવ્યો છે. ત્યારે નીચાણવાસમાં આવતા મોરબી તાલુકાના (૧)ઝીકીયારી (૨)ચકમપર (૩)જીવાપર (૪)જસમતગઢ (૫)શાપર (૬)જેતપર,મચ્છુ (૭)રાપર તથા માળિયા(મીં) તાલુકાના (૧)માણબા (૨)સુલતાનપુર (૩)ચીખલી એમ કુલ ૧૦ ગામોને તકેદારીના પગલા લેવા તેમજ નદીના પટમાં અવર જવર ન કરવા સુચના આપવામાં આવી છે.

# જામસાહેબના હસ્તે નિર્માણાધિન મંદિરનો શિલાન્યાસ નવતનપુરીધામ ખીજડા મંદિરનું થશે નવનિર્માણ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં શ્રીકૃષ્ણ પ્રણામી ધર્મ નિજાનંદ સંપ્રદાયની આદ્યપીઠ પ. નવતનપુરી ધામ ખીજડા મંદિર ૪૦૦ વર્ષ જુનું છે. આ મંદિરને ભૂકંપ સમયે અને કાળાંતરે નુકસાન થયું હતું અને ખૂબ જ જિર્ણ હાલતમાં આવી ગયું હતું. વચ્ચે આ મંદિરનું રીનોવેશન કરાયું હતું, પણ હવે આ મંદિરનું સંપૂર્ણ નવનિર્માણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. અખાત્રીજના પાવન દિવસે જામનગરના પૂર્વ રાજવી જામસાહેબ શત્રુશલ્યાસિંહજીના હસ્તે નિર્માણાધિન મંદિરનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ શિલાન્યાસ સમારોહમાં ૫ નવતનતુરી ધામના આચાર્ય પૂ. કૃષ્ણમણીજી મહારાજ, ૫ મહામંગલપુરી ધામ, સુરતના ૧૦૮ સૂર્યનારાયણજી મહારાજ, સદાનંદજી મહારાજ, અમૃતરાજજી મહારાજ, જગતરાજજી મહારાજ, ટહલકિશોરજી મહારાજ, અન્ય સંતો-મહંતો, મોટી સંખ્યામાં સુંદરસાથજી, ભાવિકો અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# મોરબીમાં શાકભાજીની લારી ચલાવતા પ્રૌઢ પાસે છરીની અણીએ ખંડણી ઉઘરાવી માર માર્યો

## માર મારતી વેળા ખંડણીખોરનું એકટીવા પડી જતા તેની નુક્સાનીના પણ પૈસા પ્રૌઢ પાસે પડાવ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં અંધેરી નગરી ગંડુ રાજાની યુક્તિ પરિપૂર્ણ થતી હોય તેવી હાલ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વચ્ચે શહેરમાં એક પછી એક ચોંકવનારા બનાવો સામે આવ્યે રાખે છે. મોરબી જીલ્લા અને શહેરમાં પોલીસની ઢીલી કામગીરીને લીધે અસામાજિક પ્રવૃત્તિ કરતા તથા અસામાજિક લુખ્ખા તત્વોમાં કાયદાનો કોઈ ડર રહ્યો ન હોય તેવો વધુ એક બનાવ સામે આવ્યો છે જેમાં મોરબીના લુવાણાપરા શેરી નં.૩ માં શાકભાજીની લારીએ દહાડીનું કામ કરતા પ્રૌઢ પાસે ગેરકાયદેસર રીતે ખંડણી માંગી જે ન આપતા ખંડણીખોર દ્વારા પ્રૌઢને છરી બતાવી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી દઈ લારીના-ગલ્લામાંથી રૂ.૧૫ હજાર બળજબરીપૂર્વક લઇ લીધા હતા. હદ તો ત્યારે થઇ કે પ્રૌઢને માર મારતી વેળા ખંડણીખોર શખ્સનું એકટીવા પડી જતા તેમાં થયેલ નુક્સાનીના વધારાના રૂ.૧૦ હજાર પણ પ્રૌઢ પાસે વસુલ કર્યા હતા. ત્યારે સમગ્ર બનાવમાં ભોગ બનનાર પ્રૌઢ દ્વારા આવારા લુખ્ખા ખંડણીખોર વિરુદ્ધ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે આરોપી સામે ખંડણી વસૂલી, માર મારવાની તથા જાનથી મારી નાખવાની ધમકીની કલમો હેઠળ ગુનો નોંધી ખંડણીખોર આરોપીની અટક કરવા સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર બનાવની પ્રાપ્ત વિગત મુજબ મોરબીના વજેપર શેરી નં.૩માં રહેતા દિપકભાઈ ગોવિંદભાઈ કંઝારીયા ઉવ.૫૨ એ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી હુશેન ઉર્ફે ઢીંગલી યુસુફભાઇ સિપાઇ રહે-સિપાઇવાસ મોરબી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે દીપકભાઈ રોજના રૂ.૫૦૦ લેખે નિલેશભાઈ નામના વેપારીની શાકભાજીની લારી મોરબી શાકમાર્કેટ પાછળ આવેલ લુવાણાપરા શેરી નં.૩માં ઉભી રાખી નિલેશભાઈ વતી શાકભાજીનો છૂટક અને જથ્થાબંધ વેપાર કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હોય ત્યારે ગત તા.૦૬/૦૫ ના રોજ દીપકભાઈ પોતાના નિત્યક્રમ અનુસાર લુવાણાપરા શેર નં ૩ માં પોતાના હવાલવાળી શાકભાજીની લારી લઈને ઉભા હોય ત્યારે આરોપીહુશેન ઉર્ફે ઢીંગલી પોતાનું મેટ બ્લેક કલરનું એકટીવા લઈને દીપકભાઈને ધંધાના સ્થળે આવી તેમની પાસે રૂ.૨૦૦/-ની માંગણી કરી હતી. ત્યારે દીપકભાઈએ આરોપીને પૂછ્યું કે મારે ક્યાં કારણોસર રૂપિયા આપવાના? તેમ કહી દીપકભાઈએ રૂપિયા આપવાની ના પાડતા એકદમ ઉશ્કેરાયેલ આરોપીએ દીપકભાઈને જેમફાવે તેવી ભુંડી ગાળો બોલી ઝપાઝપી કરી દીપકભાઈને ઢીકાપાટુનો માર મારી આરોપીએ પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી દીપકભાઈને કહ્યું કે ૫ આ છરીનો પેટમા એક ઘા મારી આંતરડા બહાર કાઢી નાખીસ..થ તેમ કહી મારી નાખવાનો ભય બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી દીપકભાઈની લારીના થળામાં વેપારના આશરે રૂ.૧૫,૦૦૦/- પડેલ જે બળજબરીપુર્વક લઇ લીધા હતા.

દીપકભાઈ સાથે ઝપાઝપી તથા માર મારતા સમયે આરોપી હુશેન ઉર્ફે ઢીંગલીના એકટીવાને ધક્કો લગતા એકટીવા નીચે પડી ગયું હતુ જે એકટીવામાં જે નુકસાની થશે તેનો શોરૂમે જઈ અંદાજીત ખર્ચ પેટના વધારાના રૂ.૧૦,૦૦૦ દીપકભાઈ પાસેથી તેના સગા મારફ્ત મંગાવી પડાવી લીધા હતા. ત્યારે સમગ્ર બનાવ મામલે એકદમ ડરી ગયેલ દીપકભાઈએ મોરબી સીટી એ ડિવિઝનમાં આરોપી હુસેન ઉર્ફે ઢીંગલી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે આરોપી વિરુદ્ધ આઇપીસી કલમ ૩૮૬, ૩૨૩, ૫૦૪,૫૦૬ તેમજ જીપી એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બીએએસએફ એક્સેલિયાનઍ એક્ટિવ દ્વારા પાવર્ડ એફિકોનઍ જંતુનાશકના તેના નવીન રસાયણશાસ્ત્ર સાથે ભારતીય ખેડૂતો માટે તેની કટિબદ્ધતા પર ભાર આપે છે




**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોતરિયા અને ચૂસિયા જંતુઓ ભારતમાં કૃષિ પાક સામે મોટો ખતરો પેદા કરે છે, જે ઉત્પાદકતા અને ઉત્પાદનની ઊપજમાં ૩૫થી ૪૦% સુધી વ્યાપક હાનિ પેદા કરે છે. ભારતમાં ખેડૂતો હવે આજે રજૂ કરવામાં આવેલા નવા બીએએસએફ જંતુનાશક એફિકોનઍ સાથે આ પડકારોને પહોંચી વળી શકે છે. એફિકોન બીએએસએફની વિશિષ્ટ રચનામાં નવી સક્રિય સામગ્રી એક્સાલાયનઍ દ્વારા પાવર્ડ છે.

અજોડ કૃતિના માધ્યમ સાથે એફિકોન જંતુનાશક બજારમાં મોજૂદ ઉત્પાદનો સાથે કોઈ પણ જ્ઞાત ક્રોસ-રેઝિસ્ટન્સ ધરાવ્યા વિના જંતુનાશકો (ગ્રુપ ૩૬-પાયરિડાઝાઈન)ના સંપૂર્ણ નવા વર્ગને આલેખિત કરતા નવા આઈઆરએસી હેઠળ રજૂ કરવામાં આવેલાં પ્રથમ સંમિશ્રણમાંથી એક છે.

એફિકોન જંતુનાશક ૨૦૨૩માં સૌપ્રથમ ઓસ્ટ્રેલિયામાં રજૂ કરાયું હતું. આ નવીન રસાયણશાસ્ત્ર પ્રાપ્ત કરનારા દુનિયાના વહેલા દેશમાંથી ભારત પણ હવે એક છે, જે ખેડૂતોને હઠીલા ચૂસિયા જંતુઓનું વ્યવસ્થાપન કરવામાં મદદરૂપ થશે.

એશિયા પેસિફિક વ્યૂહરચનાની રેખામાં બીએએસએફ ખાસ સ્થાનિક બજારની જરૂરતો માટે સમાધાન વિકસાવી રહી છે. બીએએસએફમાં અમે જે પણ કરીએ તે બધું ખેતીવાડી માટે અમારા પ્રેમ માટે કરીએ છીએ. અમે ખેડૂતોની જરૂરતો સમજવા તેમને સાંભળવા અને તેમની સાથે કામ કરવા સમર્પિત છીએ, જેથી અમે જંતુથી પાકના રક્ષણના મોટા પડકારોને સફળતાથી પહોંચી વળવા અને તેમની ઉત્પાદકતા વધારવા મદદરૂપ થઈને અમારી નિપુણતા અમે ઉપયોગ કરી શકીએ, જે સાથે આ પૃથ્વી પર સૌથી મોટા કામને અમે ટેકો આપી રહ્યા છીએ, એમ એશિયા પેસિફિકના બીએએસએફ એગ્રિકલ્ચરલ સોલ્યુશન્સના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ સિમોન બાર્ગે જણાવ્યું હતું.

એફિકોન જંતુનાશકનું મૂલ્યવાન પાસું તેનું અજોડ કૃતિનું માધ્યમ છે. તે મધુપુકા, લીલા ચૂસિયા અને સફેદ માખીઓ જેવા લક્ષ્યના જંતુઓના ઘણા બધા જીવનના તબક્કાઓ પર અત્યંત અસરકારક છે. છંટકાવ પર એફિકોન જંતુઓને ખાવાથી તુરંત અટકાવે છે અને આ રીતે છોડને ઈજાથી બચાવે છે. તે તેના અંતઃપ્રવાહી ગુણોને લીધે દીર્ઘ ટકાઉ શેષ નિયંત્રણ પૂરું પાડે છે.

તેના અંતઃપ્રવાહી ગુણોને લીધે એફિકોન નવા પાકની વૃદ્ધિને પણ દીર્ઘ સ્થાયી શેષ નિયંત્રણ પૂરું પાડે છે. આ નવીનતા ફરી સમર્થન આપી છે કે બીએએસએફ મોજૂદ ચૂસિયા જંતુઓના વિવિધ પ્રકારનું વ્યવસ્થાપન કરવામાં વિવિધ સીમાઓમાં ખેડૂતોને મદદરૂપ થવા માટે કટિબદ્ધ છે. એફિકોન કપાસ અને શાકભાજીઓ જેવા પાકના વિવિધ પ્રકારમાં જંતુઓ સામે અસરકારક અને દીર્ઘ મુદતના રક્ષણમાં ભારતીય ખેડૂતોને મદદરૂપ થાય છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ધો.૧૦ની પરીક્ષાના પરિણામમાં ધોળકિયા સ્કૂલે ફરી એકવાર બનાવ્યો નવો રેકોર્ડ

## શાળાના ચાર વિદ્યાર્થીઓએ બોર્ડમાં પ્રથમ સ્થાન મેળવ્યું: ટોપટેનમાં ૨૪ વિદ્યાર્થીઓએ સ્થાન હાંસલ કર્યુ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે જાહેર થયેલા S.S.C બોર્ડ-૨૦૨૪ ના પરિણામમાં ધોળકિયા સ્કૂલ્સ-સાયન્સ- કોમર્સના પરિણામોની જેમ જ છવાઈ ગઈ હતી.. ૯૯.૯૯ ક્છ સાથે આજના S.S.C. ના પરિણામમાં ૪-૪ વિદ્યાર્થીઓ ઝળકી ઉઠયા હતા. જેમાં બે વિદ્યાર્થીઓ વૈષ્ણવ પાર્થ અને વઠલાણા ધ્રુવે આજ સુધીના બોર્ડ પરિણામોના ઈતિહાસમાં સૌથી વધુ ૫૯૨/૬૦૦૦ માર્કસ મેળવી ઈતિહાસ રચ્યો હતો. કોઈ એક સ્કૂલમાંથી ૫૯૨ માર્કસ મેળવી બોર્ડની સર્વાધિક ટકાવારી સાથે ઝળકી ઉઠેલા આ વિદ્યાર્થીઓ માત્ર ધોળકિયા સ્કૂલમાં જ છે.

આવો જોઈએ એક-એક થી ચઢિયાતા પરિણામોની એક ઝલક....

સમગ્ર ગુજરાત બોર્ડ પ્રથમ ૪ વિદ્યાર્થીઓ

સમગ્ર ગુજરાત બોર્ડ ટોપટેન માં ૨૪ વિદ્યાર્થીઓ..

૧૫ જીલ્લાઓનાં અ૧ ગ્રેડની સંખ્યા કરતા વધુ A1 ગ્રેડ સાથે ૩૧૨ વિદ્યાર્થીઓ....

૧૦૦ માંથી ૧૦૦ માર્કસ સાથે સબ્જેક્ટ હાઈએસ્ટ ૧૪૭ વિદ્યાર્થીઓ...

કોઈ એક જ સ્કૂલમાંથી આટલી મોટી સંખ્યામાં હોનહાર તેજસ્વી તારલાઓ સમગ્ર ગુજરાતમાં ચમકી ઉઠયા હોય તેનું એકમાત્ર કારણ ૫૪ વર્ષના કેળવણીના ક્ષેત્રનો વારસો, સમર્પિત કેળવણીકારોનું સંચાલન, વિષય નિષ્ણાંત અને અનુભવી શિક્ષણ ગણ, બાલમંદિરથી ૧૨ ધોરણ સુધી લેવાતી વિશેષ કાળજી અને સૌથી વિશેષ રાજકોટ શહેરના વાલી ગણનો ધોળકિયા સ્કૂલ્સ પર મૂકેલો વિશ્વાસ છે.

આજરોજ S.S.C. બોર્ડનું પરિણામ જાહેર થતા જ ધોળકિયા સ્કૂલનું પટાંગણ વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓના ઉત્સાહ સાથે ઝુમી ઉઠયુ હતું. આવું ધમાકેદાર પરિણામ જાહેર થતા જ વિદ્યાર્થીઓ સંગીતના સથવારે ધોળકિયા સ્કૂલ્સના આંગણે ઝૂમી ઉઠયા હતાં. વિદ્યાર્થીઓએ એકબીજાને મીઠાઈઓ ખવડાવવી આ ખુશીના વાતાવરણને વધુ ખુશનુમા બનાવ્યુ હતું.

પોતાના સંતાનોની મહેનતના પરિણામને બિરદાવતા ધોળકિયા સ્કૂલ્સના વાલીશ્રીઓએ માનનીય મેનેજીંગ ટ્રસ્ટીશ્રી કૃષ્ણકાંતસર ધોળકિયા અને જીતુભાઈ ધોળકિયાનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર ગુજરાત રાજય કક્ષાએ ધોરણ - ૧૨ (સાયન્સ), ધોરણ - ૧૨ (કોમર્સ)માં અને ધોરણ - ૧૦ માં સર્વશ્રેષ્ઠ રીઝલ્ટ મેળવી દર વર્ષે શ્રેષ્ઠ પરિણામની હેટ્રીક મેળવતી ધોળકિયા સ્કૂલ્સને ઠેર-ઠેરથી અભિનંદન મળી રહ્યાં છે.

આમ, દરેક બોર્ડ રીઝલ્ટમાં ધોળકિયા સ્કૂલ્સ પોતાના રેકોર્ડ બનાવે છે અને ફરી એ જ રેકોર્ડને તોડીને નવા રેકોર્ડનો ટાર્ગેટ બનાવે છે. તે બદલ માનનીય કૃષ્ણકાંત સર અને જીતુ સર દ્વારા ધોળકિયા સ્કૂલ્સના વિદ્યાર્થી ગણ, વાલીશ્રીઓ અને શિક્ષિકોને અભિનંદન પાઠવે છે.

# શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીનું ફેસબુક એકાઉન્ટ હેકઃ શુભેચ્છકો અને કાર્યકરોને સાવધાન રહેવા અપીલ

## સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અને પોલીસ કમિશનરને અતુલ રાજાણીની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી ની યાદીમાં જણાવ્યું છે કે રાજકોટ શહેર કોંગ્રેસ અતુલ રાજાણીનું ફેસબુક એકાઉન્ટ કોઈ વિરોધી તત્વો દ્વારા હેક કરી દેવામાં આવેલ છે અને આ એકાઉન્ટમાં અતુલ રાજાણીની પ્રતિષ્ઠા ખરડાઈ તેવા વાંધાજનક ફોટાઓ અને લખાણો વાયરલ કરવામાં આવે છે છેલ્લા ચાર પાંચ દિવસથી આ ફેસબુક એકાઉન્ટમાં આ પ્રકારના મેસેજ વાઈરલ કરી પ્રમુખશ્રીની રાજકીય કારકિર્દી ને નુકસાન થાય અને પ્રતિષ્ઠા ખરડાઈ તેવા ઈરાદાપૂર્વકના પ્રયાસો થઈ રહ્યા છે. ચૂંટણીના સમય દરમિયાન જ શાસક પક્ષના આદેશથી સત્તાધીશોની સિધી દોરવણી હેઠળ આ પ્રકારનું કૃત્ય આચરવામાં આવ્યું હોય તેવી પ્રબળ આશંકા છે.

પ્રમુખ અતુલ રાજાણીનું ફેસબુક હેક કરતા તેઓ દ્વારા તારીખ :- ૬/૫/૨૦૨૪ ના રાજકોટ શહેર પોલીસ કમિશનરને આ બાબતે વાકેફ કરેલ છે અને રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં લેખિતમાં ફરિયાદ પણ કરવામાં આવી છે.

અંતમાં રાજાણીએ જણાવ્યું છે કે દરેક મિત્રો રાજકીય આગેવાનો કાર્યક્રમ મિત્રો એ આવા ખોટા મારા નામે મુકાતા મેસેજ થી ભરમાવું નહીં જરૂર જણાયે મારા મોબાઈલ નંબર - ૯૮૭૯૮ ૦૦૧૦૦ પર સંપર્ક કરવો.

# પ્રોવિડન્ટ ફંડના કર્મચારીઓની પગાર મર્યાદા રૂપિયા ૨૧૦૦૦/- કરોઃ હસુભાઈ દવે

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ભારતીય મઝદુર સંધના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને ઇ.પી.એફ.ઓ.ના પુર્વ સી.બી.ટી.મેમ્બર હસુભાઈ દવેની યાદી જણાવે છે કે, પ્રોવિડન્ડ ફંડમાં અત્યારે જે પગારની મર્યાદા રૂ.૧૫,૦૦૦/- છે. અને આનો અમલ તા. ૧/૯/૨૦૧૪ થી ચાલુ છે. પરંતુ હજુ સુધી આગળની સીલીંગ વધારવા માટે સી.બી.ટી.ના તમામ મેમ્બરશ્રીઓએ રજૂઆત કરેલ છે અને અન્ય યૂનીયનોએ પણ માંગણી કરેલ છે. સીલીંગ ન વધારવાનાં કારણે મોટા ભાગના કર્મચારીઓને સામાજીક સુરક્ષા જેમા પી.એફ.અને પેન્શનનો લાભ મળતો નથી કારણ કે, મોટા ભાગના કર્મચારીઓ હાલના પગાર ધોરણના કારણે નિકળી જાય છે. અને જે કર્મચારીઓ ચાલુ છે. તેમની કપાત રૂ.૧૫,૦૦૦/- લેખે ૧૨ ટકા કર્મચારીઓના અને ૧૨ ટકા માલીકનો ફાળો કપાય છે. જેને કારણે કર્મચારીઓને ઘણોજ અન્યાય થાય છે. આર્થિક નુકશાન જાય છે.

વધુમાં હસુભાઈ દવે જણાવે છે કે, ઈ.એસ.આઈ.માં વેઈજ સીલીંગ રૂ.૨૧,૦૦૦/- તા.૧/૧/૨૦૧૭ ના રોજથી કરવામાં આવેલ છે. અને રૂ.૨૫,૦૦૦/- જે કર્મચારીઓ ડીસએબલ છે, તેને મળે છે. છેલ્લા ૧૦ વર્ષથી પી.એફ.ની સીલીંગ વધેલી ન હોય નરેન્દ્રભાઈ મોદી,વડાપ્રધાન કેન્દ્ર સરકારને પત્ર લખી માંગણી કરેલ છે. કે, ઈ.એસ.આઈ.માં કર્મચારીઓને રૂમ.૨૧,૦૦૦,- ની સીલીંગ થવાનો જે લાભ મળે છે તેવોજ લાભ પી.એફ.ના કર્મચારીઓને રૂ.૧૫,૦૦૦,- હાલમાં મળે છે તે રૂ.૨૧,૦૦૦/- કરવી જોઈએ તેવી માંગણી કરેલ છે. આશા રાખીએ કે, પી.એફ.ના કર્મચારીઓને પણ આ વેઈજ મુજબનો લાભ મળે અને સોશ્યલ સીક્યોરીટી માટે કેન્દ્ર સરકારે જણાવેલ છે કે, ( સોશ્યલ સીક્યોરીટી ટુ ઓલ) પથ સામાજીક સલામતિનો લાભ બધાને પથ માટે તાત્કાલીક વેઈજ સીલીંગમાં સુધારો કરવો જોઈએ.

# સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા જળસંચય અભિયાનનો પ્રારંભ

## મ્યુ.કમિશ્નર આનંદ પટેલના હસ્તે ઉદઘાટનઃ ૧૦૦ શાળા અને ૧૦૦૦ મકાનોના બોર રિચાર્જ કરવા અભિયાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**




સ્વનિર્ભર શાળાના સંચાલક મંડળ દ્વારા જળસંચય અભિયાનના શુભારંભ કરવામાં આવેલ છે.આજની સ્થિતિએ વોટર સ્કેરસિટી, કલાયમેટ ચેન્જની અસરો, વધતી વસ્તી તેમજ પાણીની જરૂરિયાતને ધ્યાને લઈને જળસંચય કરવું જરૂરી બને છે.

આ કાર્યક્રમના ઉદઘાટક તરીકે કમિશ્નર આનંદ પટેલ ઉપસ્થિત રહી મહાનગરપાલિકાના પાસાઓ વિશે પરિચય આપેલ તેમજ આ અંગે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભૂસ્તરનો વૈજ્ઞાનિક અભ્યાસ કરીને Aquifer mapping DPR તૈયાર કરવામાં આવેલ તેની વિગતો તેમજ મહાનગરપાલિકા દ્વારા જળ સંચય વિભાગની રચના કરીને બોર રીચોજ, ચેક ડેમો બનાવવા,ડ્રેનેજ નું રીટ્રીટેડ પાણીનો વપરાશ કરવો તેમજ રાજકોટ મહાનગરપાલિકાના ભવિષ્યના આયોજન અંગેની તમામ બાબતો વિશે જીણવટ ભરી વિગતો તેઓ દ્વારા આપવામાં આવેલી હતી.

આ કાર્યક્રમમાં સ્વર નિર્ભર શાળાના પ્રમુખ ડી.વી મહેતા, ન્યુ એરા સ્કૂલના સંચાલક અજયભાઈ પટેલ, અમદાવાદથી આવેલ આર્કિટેક તેમજ પર્યાવરણ વિજ્ઞય લોકેન્દ્ર બાલાસરીયા, ગીર ગંગા ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા તેમજ ઉપસ્થિત વક્તાઓ દ્વારા જળસંચય અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ.

આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના જળસંચય વિભાગના એ.એમ.મિત્રા (સીટી એન્જીનીયર), કે.પી.દેથરીયા, એચ.એમ. છૈયા તથા એલ.આર. વિરમગામા ઉપસ્થિત રહેલ હતા. અહીં ઉલ્લેખનીય છે.સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા ૧૦૦ શાળાઓ અને ૧૦૦૦૦ મકાનોના બોર રિચાર્જ કરવામાં આવનાર છે.

# ધો. ૧૨ના પરિણામોમાં પુજીત રૂપાણી ટ્રસ્ટના વિદ્યાર્થીઓનો ઉજ્જવળ દેખાવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



તાજેતરમાં ધો. ૧૨ કોમર્સ-સાયન્સનું પરિણામ બહાર પડતાં પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ અંતર્ગત ચાલતા જ્ઞાનપ્રબોધિની શૈક્ષણિક પ્રોજેકટ ધો. ૧૨ કોમર્સના બે બાળકો બોર્ડમાં ચમક્યા છે. જેમાં માલકિયા જયદીપ ૯૯.૯૩ પીઆર સાથે બોર્ડમાં સાતમુ સ્થાન અને ભીમજીયાણી ખુશી ૯૯.૯૧ પીઆર બોર્ડમાં નવમું સ્થાન પ્રાપ્ત કરતા ટ્રસ્ટના ચેરમેન વિજયભાઇ રૂપાણી તથા ટ્રસ્ટી શ્રીમતી અંજલીબેન રૂપાણીએ અભિનંદન પાઠવી ઉચ્ચ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવેલ છે. સતત ૨૪માં વર્ષે આ પ્રોજેકટ અંતર્ગત અભ્યાસ કરતા બાળકોનું ૧૦૦% પરિણામ આવેલ છે. આ અગાઉ પણ આ ટ્રસ્ટના બાળકો બોર્ડમાં નંબર મેળવી ચૂકયા છે. આ વર્ષે પણ આ પરંપરા જાળવી રાખી છે. છેલ્લા ૨૪ વર્ષથી ભણવામાં તેજસ્વી પરંતુ આર્થિક રીતે જરૂરિયાતમંદ બાળકો માટે જ્ઞાનપ્રબોધિની પ્રોજેકટ ચલાવવામાં આવે છે. કોપોરેશનની શાળાઓ તથા ખાનગી શાળાઓમાં ધો. ૭માં ૮૫% કે તેથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓ આ પ્રોજેકટમાં પસંદગી પામવા પ્રવેશ પરીક્ષા આપવા હકદાર બને છે. પસંદગી પામનાર વિદ્યાર્થીઓને શહેરની શ્રેષ્ઠ સ્કુલોમાં એડમીશન અપાવી ધો. ૮ થી ધો. ૧૨ સુધી તેઓની તમામ શૈક્ષણિક, યુનિફોર્મ, સાયકલ તેમજ મેડિકલ જવાબદારી ટ્રસ્ટ ઉઠાવે છે. ધો. ૧૨ના પરિણામમાં ટ્રસ્ટના ૨૧ વિદ્યાર્થીઓમાંથી ૧૧ વિદ્યાર્થીઓએ કોમર્સ અને ૧૦ વિદ્યાર્થીઓએ સાયન્સમાં પરીક્ષા આપી હતી આ બધા જ વિદ્યાર્થીઓ ખૂબ સારા માર્કસ મેળવી ઉતિર્ણ થયા છે. તેમના સારા પરિણામ માટે ટ્રસ્ટી મંડળના ડો.મહુલભાઇ રૂપાણી, મહેશભાઇ ભટ્ટ તથા કમીટી મેમ્બર્સ જયેશભાઇ ભટ્ટ, હિંમતભાઇ માલવિયા, હસુભાઇ ગણાત્રા, સી.કે.બારોટ, ભારતીબેન બારોટ, મીરાબેન મહેતા, ગીતાબેન તન્ના તથા વહીવટી અધિકારી ભાવેનભાઇ ભટ્ટે અભિનંદનની વર્ષા કરી હતી.

# ૧૫ મે થી રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૬ ટ્રેનોના સંચાલન સમયમાં આંશિક ફેરફાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુસાફરોની સગવડતા અને ટ્રેનો ના સમય પાલન માં સુધારો કરવા માટે, પશ્ચિમ રેલવે ૧૫ મે, ૨૦૨૪ થી રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૬ ટ્રેનોના આગમન અને પ્રસ્થાન સમયમાં આંશિક ફેરફારો કરી રહી છે. વિગતો નીચે મુજબ છે:-

૧. ટ્રેન નંબર ૨૨૯૫૭ ગાંધીનગર કેપિટલ-વેરાવળ સોમનાથ એક્સપ્રેસ ગાંધીનગરથી વર્તમાન સમય ૨૧:૫૫ કલાકના બદલે ૨૧:૪૫ કલાકે ઉપડીને, સુરેન્દ્રનગર ૦૦.૦૧ કલાકે, થાન ૦૦.૩૦ કલાકે, વાંકાનેર ૦૦.૫૮ કલાકે, રાજકોટ ૦૧.૪૫ કલાકે, ભક્તિનગર ૦૨.૧૦ કલાકે અને વેરાવળ ૦૫.૪૫ કલાકે પહોંચશે.

૨. ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ ઇન્ટરસિટી એક્સપ્રેસ ગાંધીનગર થી તેના નિર્ધારિત સમય ૧૦:૩૫ કલાકના બદલે ૧૦:૩૦ કલાકે ઉપડશે. અન્ય તમામ સ્ટેશનો પર આગમન અને પ્રસ્થાનનો સમય માં કોઈ ફેરબદલ નથી.

૩. ટ્રેન નં. ૨૨૯૫૮ વેરાવળ-ગાંધીનગર સોમનાથ એક્સપ્રેસ વેરાવળથી તેના નિર્ધારિત સમયે ૨૧:૫૦ કલાકે ઉપડીને ભક્તિનગર ૦૦.૫૪ કલાકે, રાજકોટ ૦૧.૦૮ કલાકે, વાંકાનેર ૦૧.૫૦ કલાકે, થાન ૦૨.૧૪ કલાકે, સુરેન્દ્રનગર ૦૨.૫૪ કલાકે અને ગાંધીનગર ૦૫:૪૦ કલાકે પહોંચશે.

૪. ટ્રેન નંબર ૧૯૩૧૯ વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસના સમયમાં માત્ર જૂનાગઢ અને રાજકોટ સ્ટેશનો પર જ નજીવો ફેરફાર કરવામાં આવ્યો છે, ત્યારબાદ અન્ય કોઈ સ્ટેશન ના સમય માં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ટ્રેન જૂનાગઢ ૨૩.૨૧ કલાકે અને રાજકોટ ૦૨.૧૦ કલાકે પહોંચશે.

૫. ટ્રેન નંબર ૧૯૨૫૨ ઓખા-સોમનાથ એક્સપ્રેસ માં માત્ર રાજકોટ અને ભક્તિનગર સ્ટેશનો પર જ નજીવો ફેરફાર કરવામાં આવ્યો છે, ત્યારબાદ અન્ય કોઈ સ્ટેશન ના સમય માં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ટ્રેન રાજકોટ ૦૦.૫૦ વાગ્યે અને ભક્તિનગર ૦૧.૨૫ વાગ્યે પહોંચશે.

૬. ટ્રેન નંબર ૧૯૨૫૧ સોમનાથ-ઓખા એક્સપ્રેસ માં માત્ર ભક્તિનગર અને રાજકોટ સ્ટેશનો પર જ નજીવો ફેરફાર કરવામાં આવ્યો છે, ત્યારબાદ અન્ય કોઈ સ્ટેશન ના સમય માં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ટ્રેન ૦૨.૧૧ કલાકે ભક્તિનગર અને ૦૨.૪૦ કલાકે રાજકોટ પહોંચશે.

ટ્રેનો ના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરાં www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# સાધુવાસવાણી સ્કૂલનો સતત પાંચમાં વર્ષે દબદબોઃ ધો.૧૨માં ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું

**મુખ્ય સમાચાર રાજકોટ**



મધ્યમ વર્ગીય સમાજ ગજા બહાર મોઘુંડાટ થતુ જાય છે. અને શિક્ષણમાં મૂડીવાદીઓનું પ્રભુત્વ દિનપ્રતિદીન વધતુ જતુ હોય ત્યારે શિક્ષણ સેવાને બદલે ધંધાનું સાધન હોય શિક્ષણ મોઘુંડાટ થઈ રહ્યું હોય મધ્યમ વર્ગીય સમાજ ઉત્તમ શિક્ષણથી વંચીત થતો જાય છે. તેવા સંજોગોમાં સમાજવાદી વિચારધારાને ધ્યાનમાં રાખી સાધુ વાસવાણી સ્કૂલમાં મધ્યમ વર્ગીય સમાજના બાળકોને પરવડે તેવી ફી થી શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગીય સમાજના લોકોને પરવડે તેવી ફી માં શિક્ષણ પિરસવા છતા શૈક્ષણિક સવલતમાં કોઈ કચાસ ન રહે તે માટે હરેક વર્ષે દાતાઓ પાસેથી ભંડોળો મેળવીને અદ્યતન શૈક્ષણિક સાધનો સાથે ઉચ્ચ શૈક્ષણિક પદવીઓ સાથે વિશિષ્ટ નોલેજ ધરાવતા શૈક્ષણિક સ્ટાફ કાર્યરત છે. વિદ્યાર્થીઓની ખૂબીઓ અને ખામીઓ ઉપર વ્યક્તિગત ધોરણે શૈક્ષણિક સ્ટાફ બારીકાઈથી અવલોકન કરી વિદ્યાર્થીઓને મદદરૂપ થવામાં તત્પરતા દાખવે છે. તે સ્કૂલની આગવી ઓળખ છે.

સાધુ વાસવાણી સેન્ટર (સૌરાષ્ટ્ર)ને આજે ૩૫ વર્ષ સંપૂર્ણ થઈ ગયેલ હોવા છતા શાળા આધુનિક ડિજીટલ માધ્યમ સાથે તાલ મિલાવી બાળકોનું સર્વશ્રેષ્ઠ ઘડતર કરી રહી છે. સાધુ વાસવાણી સ્કૂલ ભણતરની સાથોસાથ અન્ય એનક પ્રવૃતિઓમાં પણ સફળતાના શિખરો સર કરી રહી છે.

મૂડીપતિઓ સંચાલિત સ્કૂલોમાં યોજાતા એનયુઅલ ફંકશન, ટ્રેડ ફેર, કેમ્પ, સાંસ્કૃતિક કાર્યક્રમો, શૈક્ષણિક ટુર વિગેરે યોજાતી બિન શૈક્ષણિક પ્રવૃતિઓ સાધુ વાસવાણી સ્કૂલમાં નિયમિતપણે યોજવામાં આવે છે. આવા યોજાતા કાર્યક્રમોમાં સ્પોન્સર અને દાતાઓ તરફથી સહાય મેળવવામાં સફળ રહેતા હોય વિદ્યાર્થીઓ ઉપર પરવડે તેવો નહિવત બોજો આવે તેવી ખેવના દાખવવામાં આવે છે.

સાધુ વાસવાણી સ્કૂલમાં નારી તુ નારાયણી ના સુત્રને મહત્વના આપી તેમને સર્વશેષ દરજ્જો આપવામાં આવેલ છે. સાધુ વાસવાણી સ્કૂલ્સ ફોર ગર્લ્સની વિદ્યાર્થીનીઓએ તેમના ભણતર ઉપરાંત અનેક બીજી પ્રવૃતિઓમાં પણ આગવી પ્રસિધ્ધી હાંસલ કરેલ છે. વિદ્યાર્થીનીઓએ વિવિધ સ્પર્ધાઓ જેવી કે કરાટે, કુસ્તી, ચેસ, બેડમિન્ટન જેવી સ્પર્ધામાં અગ્રીમતા હાંસલ કરેલ છે. તે સાધુ વાસવાણી સ્કૂલ્સની મહેનત અને વિદ્યાર્થીનીઓ પ્રત્યેની લાગણી છે.

ઉચ્ચતમ શિક્ષણ પ્રદાન કરીને માનવતાની મહેક પ્રસરાવવાની આ શળામાં કોઈપણ ધર્મ, જ્ઞાતિ, જાતીના ભેદભાવ વગર સેવાની જ્યોત જલાવી રહી છે. તે સરાહનીય છે. સાધુ વાસવાણી સ્કૂલ્સનું વાતાવરણ ખૂબ જ સાનુકૂળ અને હકારાત્મક ભરેલુ હોવાની સાથોસાથ અહિંયાના વિદ્યાર્થીઓ તથા વાલીગણ પણ સ્કૂલ પ્રત્યે ખૂબ જ લાગણીશીલ છે.

વિદ્યાર્થીઓએ આ ઉચ્ચતમ સિધ્ધી હાંસલ કરેલ તે બદલ શાળાના ટ્રસ્ટીગણો, આચાર્યશ્રીઓ અને શિક્ષકગણએ સ્કૂલના વિદ્યાર્થીઓને પ્રશંસા સાથે ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ અને તમામ વિદ્યાર્થીઓનું ભવિષ્ય ખૂબ ખૂબ ઉજ્જવળ બને તેવા આર્શીવાદ પાઠવેલ.

સાધુ વાસવાણી સેન્ટર (સૌરાષ્ટ્ર) રાજકોટના ચેર પર્સન એડવોકેટશ્રી રવી બી.ગોગીયા, ફાઉન્ડર ટ્રસ્ટીશ્રી બી.બી.ગોગીયા, સેક્રેટરીશ્રી મનોહરલાલ બુલચંદાણી અને સાધુ વાસવાણી ટ્રસ્ટના સીઈઓ પુરૂષોત્તમ પીપળીયાએ સમગ્ર શાળા પરિવાના આચાર્યો, શિક્ષકો તથા વિદ્યાર્થીઓને આ જવલંત સફળતા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ

# સોમનાથ-વેરાવળમાં આખલાના યુધ્ધમાં હડફેટે ચડતા પિતા-પુત્ર ઘવાયા



**મુખ્ય સમાચાર, વેરાવળ**

જગવિખ્યાત પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ નગરી સરકારી ચોપડે આઇકોનિક પ્લેસ તીર્થસ્થાન છે, તેમ છતાં સોમનાથ મંદિરની સમીપે જ રખડતા ભટકતા આખલાઓ વારંવાર ભારે આતંક મચાવતા હોવાના દશ્યો જવા મળે છે, ત્યારે ગઈકાલે મહારાષ્ટ્રના યાત્રિક પિતા-પુત્રીબે આખલાઓની લડાઈમાં અડફેટે આવી જતા ઈજા થવાથી સરકારી હોસ્પિટલે ખસેડાયા હતા.

સોમનાથ મંદિર આસપાસ આખલાઓનો ત્રાસ દિન પ્રતિદિન વધી રહ્યો છે. હમીરજી સર્કલ આસપાસ તો વારંવાર આખલા યુદ્ધ ખેલાય છે. જેમાં દોડતા આખલાઓ દૂર-દૂરથી દર્શનાર્થે આવેલા યાત્રિકોને તથા નાના વેપારીઓને અડફેટે લઈ ઈજાગ્રસ્ત બનાવી નુકસાન પહોંચાડી રહ્યા છે. આ દરમિયાન ગઈકાલે સાંજે સર્કલ પાસે અચાનક આખલાઓ સામસામે આવી જતા યુધ્ધ શરૂ થયું હતું. જેમાં પ્રથમ આખલાઓએ ફેરિયાઓને અડફટે લઈ માલ- સામાન ફંગોળી દઈને નુકસાન કર્યું હતું. બાદમાં ત્યાંથી ચાલીને પસાર થઈ રહેલા મુંબઈના રહીશ યાત્રિક ઉમેશભાઈ મિશ્રા અને તેમની પુત્રીને આખલાઓએ અડફેટે લઈ પછાડતા બન્ને ઈજાગ્રસ્ત બનતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અંતે આ ઘટનાની ગંભીરતાથી નોંધ લઈ કલેક્ટર ડી.ડી. જાડે જાએ સૂચના આપતા સીટી મામલતદારની દેખરેખ હેઠળ નગરપાલિકાની ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરીને બન્ને પૂંટિયાઓને પકડી પાંજરાપોળમાં મોકલી આપ્યા હતા. આ કામગીરી હજુ ચાલુ રાખવામાં આવનાર હોવાનું પ્રાંત અધિકારી વિનોદ જોશીએ જણાવ્યું હતું.

# નાના મોવા રોડ પર ભીમનગર પાસે ભંગારના ધંધાર્થી પર બેટ વડે પિતા-પુત્રનો હૂમલો

## પૈસાની લેવડ-દેવડનો ખાર રાખી વિધર્મી શખ્સોએ અનુજાતિ યુવાનને મારમારી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

કાલાવડ રોડ પર મેટોડા જીઆઈડીસી પાસે ભંગારનો વ્યવસાય ચલાવતા અનુજાતિ યુવાનને પૈસાની લેવડ-દેવડ પ્રશ્ને ભીમનગર ચોકમાં વિધર્મી પિતા-પુત્રએ બેટ વડે મારમારી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરતા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ લોધિકાના મેટોડા જીઆઈડીસીમાં આવેલ જ્યોતી સીએનસીની સામે આવેલ ચંદ્રપાર્ક શેરી નં.૧માં રહેતો અને ભંગાર લે-વેંચનો ધંધો કરતો દિપક પોલાભાઈ ચૂડાસમાં નામના અનુજાતિ યુવાને રાજકોટ તાલુકા પોલીસમાં વસીમ અને તેના પિતા(રહે.શિતાજી ટાઉનસીપ રાજકોટ)વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે. યુવાને ફરિયાદમાં જણાવ્યા મુજબ ગઈકાલે સાંજે પોતે નાના મોવા રોડ પર ભીમરાવનગર ચોક પાસે હતો ત્યારે વસીમ અને તેના પિતાએ પૈસાની લેતીદેતી બાબતે ગાળો આપી લાકડાના બેટ વડે પગના ભાગે ફટકા મારી મૂઢ ઈજા કરી કોઈ તિક્ષણ હથિયાર વડે છાતીના ભાગે ઈજા કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી નાસી ગયા બાદ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે એસીપી બી.જે.ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.

# બાળકની શ્વાસનળીમાં પથ્થર ફસાયો: તબીબે દુરબીનથી કાઢી નવુ જીવન આપ્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખેરડી ગામના માધવ સરેસીયા નામના બાળકને છેલ્લા દોઢ મહિનાથીથી ઉધરસ અને કફ મટતો ન હતો અનેક ડોક્ટરો પાસે તપાસ કરાવી અને રિપોર્ટ કરાવ્યાં પરંતુ કોઈ ફરક ન જણાતા ફેફસાંનો એકસ-રે કરવામા આવ્યો તેમાં માલુમ પડયું કે બાળકની શ્વાસનળીમા જમણી બાજુ છેક ઊંડે ફેફસાં ની નજીક કાંઈક ફસાયેલ છે અને તેના જમણા ફેફસાં મા બિલ્કુલ હવા જતી ના હતી અને ફેફસાંમા



ચેપ પણ લાગી ગયો હતો પિતા કેતનભાઈના જણાવ્યા મુજબ તે આશરે દોઢ મહિના પહેલા પત્થર ગળી ગયો હતો ડો હિમાંશુ ઠક્કરે બાળકને ઓપરેશન માટે લઈ શ્વાસનળીમા દૂરબીન વડે તપાસ કરી છેક ઊંડે ફસાયેલા ફોરેન બોડી પત્થર દૂરબીન વડે કાઢી આપી બાળકનો જીવ બચાવીયો હતો, ડો હિમાંશુ ઠક્કરે તેમની ૨૨ વર્ષની કારકિર્દીમાં અનેક સફળ ઓપરેશન કરી નાના નાના માસુમ બાળકોના જીવ બચાવ્યો છે.

# આજી વસાહતમાં ગટરનું ખોદકામ કરતી વેળાએ ગેસની લાઈનમાં આગ લાગી

## ચાર શ્રમિકો દાઝયા, જેસીબી, ચાની કેબીન અને બે વાહનો બળીને ખાખ થઈ ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સામાકાંઠે ૮૦ ફુટ રોડ પર આવેલ આજી વસાહત શેરી નં ૬માં ગટરનું ખોદકામ કરતી વેળાએ ગેસની લાઈનમાં સ્પાર્ક થતાં આગ ભભુકી હતી.જેમાં ચાર શ્રમિકો દાઝયા હતા.જયારે જેસીબી,બે બાઈક અને ચા ની કેબીન બળીને ખાખ થઈ ગઈ હતી.ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેટની ટીમ સ્થળ પર દોડી જઈ પાણીનો



મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

આ બનાવ અંગે મળતી વિગત મુજબ શહેરના ૮૦ ફુટ રોડ પર આવેલ આજી વસાહત વિસ્તારમાં ગુજરાત ગેસ દ્વારા ગટરનું ખોદકામ શરૂ હતું. તે દરમ્યાન ગેસની લાઈન લીંકિજ થતાં આગ ભભુકી હતી. જેમાં ચાર શ્રમિકો દાઝી જતાં તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.આ ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેટનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ખોદકામ કરતી વેળાએ ગેસ લાઈન લીંકિજ થતાં ભભુકી ઉઠેલ આગમાં જેસીબી,ચા ની કેબીન તેમજ બે બાઈક બળીને ખાખ થઈ ગયા હોવાનું ફાયર બિગેટના સ્ટાફે જણાવ્યુ છે.

# અંધશ્રધ્ધામાં મહિલાને ફસાવી આટકોટ પાસે હત્યા કરનાર ભુવાને આજીવન કેદની સજા

## ૧૧ વર્ષ પહેલાં દાગીના લૂંટી લઈ બાદમાં મહિલાને પતાવી દીધી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ૧૧ વર્ષ પૂર્વે મહિલાને અંધશ્રધ્ધામાં ફસાવી દાગીના શ્રાપિત છે કહી કારમાં આટકોટ લઈ જઈ હત્યા કવાના ગુનામાં ભૂવાને આજીવન કેદની સજાનો હુકમ કરાયો છે જયારે શરીર સંબંધ અંગે વિસંગતતા ઉભી થઈ હતી.

આ કેસની વિગતો એવી છે કે ગત તા. ૧૪.૦૫.૨૦૧૩ના રોજ સવારે આરોપી તુષાર કિશોરભાઈ મકવાણા ઉં.૩૩એ મહિલાને અંધશ્રધ્ધામાં ફસાવી તારા સોનાના દાગીના શ્રાપિત છે તે લઈને આવ કહેતા મહીલા દીકરીના કરિયાવરના દાગીના લઈને જતા આરોપી મહિલાને ગાડીમાં આટકોટથી ૩ કિલોમીટર દૂર અવાવરુ સ્થળે લઈ ગયો હતો અને તેણીનુ ગળું દબાવી હત્યા કરી, છરીથી શરીરના વિવિધ ભાગો પર ઈજા કરી લાશ ફેંકી નાસી ગયો હતો બીજા દિવસે લાશ મળી આવતા પોલીસે પતિનો સંપર્ક કરી કપડા કબ્જે કર્યા હતા તેના ચણિયા ઉપર વીર્યના ડાઘ મળી આવતા મૃતકના પતિએ અજાણ્યા શખસ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી મૃતક દિકરીને રાત્રિના હોસ્પિટલ જાય છે તેમ કહી નીકળી હતી અને આરોપી ભુવા તુષાર સાથે ગયાનુ જાણવા મળતા પોલીસે આરોપીની ધરપકડ કરી છરી, કાર કબજે કરી ચાર્જશીટ ફાઈલ કરી હતી. કેસ ચાલી જતા સરકારી વકીલએ રજુઆત કરી જણાવ્યું હતું કે, મૃતક મહિલાના ચણિયા ઉપર જે વીર્યના ડાઘ મળ્યા છે તે ''ઓ'' બ્લડ ગૃપનુ છે અને આરોપીનુ લોહી પણ 'ઓ' ગૃપનુ છે આરોપીનુ વીર્ય મૃતકના ચણિયા ઉપર મળી આવે તે સાંયોગિક ન કહી શકાય. આ ઉપરાત છરીમાં પણ મૃતકનુ બ્લડ ગૃપ મળ્યુ છે લૂંટેલા દાગીના બેંકમા ગીરવે મૂક્યા હતા અને દાગીના વેંચી નાખ્યા હોય તમામ દાગીના પોલીસે કબ્જે કરતાં મૃતકની દીકરીએ દાગીના ઓળખી બતાવેલ છે મહીલા સાથે બળજબરીથી કે સહમતીથી શરીર સંબંધ બાંધ્યો એ અંગે વિસંગતતા હોય દલીલોને ધ્યાને લઈ અધિક સેશન્સ જજ બી.બી. જાદવએ આરોપી તુષાર કિશોરભાઈ મકવાણાને હત્યાના ગુનામાં તકસીરવાન ઠરાવી સખત આજીવન કેદની સજા ફરમાવેલ છે.

# જલારામ સોસાયટીમાં પતિની બિમારીની ચિંતામાં પત્નીએ એસિડ પીધુ

## આશાપુરાનગરમાં પરપ્રાંતિય યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આ અંગેની માહિતી મુજબ રાજકોટ શહેરના ઈન્દીરા સર્કલ પાસે આવેલી જલારામ સોસાયટીમાં પતિની બિમારીની ચિંતામાં પત્નીએ એસીડ ગટગટાવી લેતા સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયો . જયારે આછાપુરાનગરમાં પરપ્રાંતીય યુવાને અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ ઇન્દીરા સર્કલ પાસે આલીશાન બંગલાની બાજુમાં જલારામ સોસાયટી-૨માં રહેતા ચંદ્રીકાબેન પ્રવિણભાઈ અગ્રાવત (ઉ.વ.૫૫) નામના પ્રૌઢા ગત રાતે ઘર પાસે હતા ત્યારે કોઈ કારણસર એસીડ પી લેતા તેને સારવા માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયા હતા. પ્રાથમિક તપાસમાં તેના પતિએ ઓપરેશન કરાવેલું હોય જેથી પતિની બિમારીની ચિંતામાં આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે.

જયારે બીજા બનાવમાં મુળ મધ્યપ્રદેશનો વતની અને હાલ રાજકોટમાં કોઠારીયા રોડ પર આશાપુરાનગરમાં ભાઈ સાથે રહેતા સત્યવિરસિંહ વિશ્વંભરસિંહ (ઉ.૨૬) નામના યુવાને સવારે પોતાના ઘરે અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ લીધો હતો. જો કે પાડોશીઓને જાણ થઇ જતા તેને બચાવી લઇ સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયો છે. તેણે આ પગલું શા માટે ભરી લીધું? તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# લેન્ડગ્રેબિંગ એક્ટને ગુજરાત હાઈ કોર્ટે આપી લીલીઝંડી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે લેન્ડ ગ્રેબિંગ એક્ટને લીલીઝંડી આપીને કાયદા પરનાં તમામ આક્ષેપો ફગાવ્યા હતા. આ કાયદાને પડકારતી અરજીઓમાં કાયદાની કેટલીક કલમો ગેરબંધારણીય હોવાનો અરજીમાં આક્ષેપ કર્યો હતો. નાગરિકોનાં દીવાની હક્ક તથા અધિકારો છીનવાયા હોવાનો આક્ષેપ અરજીમાં કરવામાં આવ્યો હતો. તેમજ સિવિલ કોર્ટની સત્તા પણ ઓછી થવાનાં આક્ષેપ પણ કરવામાં આવ્યા હતા.

અરજીમાં ઉલ્લેખ કરાયેલ સમગ્ર બાબતોને લઈ કોર્ટે અવલોકન કરતા કહ્યું કે, જમીન પચાવવાની ગેરકાયદે પ્રવૃતિ પર રોક લગાવવા માટે કાયદો બનાવવામાં આવ્યો છે. તેમજ લેન્ડ ગ્રેબિંગનો કાયદો એક સારા હેતુ માટે બનાવવામાં આવ્યો છે ત્યારે કાયદો અધિકારો છીનવી રહ્યા નથી. વિધાનસભાએ જે નિર્ણય લીધો હોય અને કાયદો ઘડ્યો હોય તેમાં કોર્ટ દખલગીરી કરવી તે યોગ્ય નથી.

ખંડપીઠે કહ્યું હતું કે, લેન્ડ ગ્રેબિંગના કાયદા હેઠળ જે લોકો સામે એફઆઈઆર થઈ છે તે ફરિયાદો રદ કરવાની સત્તાનો નિર્ણય જે તે કોર્ટનો છે. તેમજ લેન્ડ ગ્રેબિંગનાં કાયદામાં થયેલી એફઆઈઆર પર હાઈકોર્ટે ૪ વર્ષ કરતા વધુ સમયનો સ્ટે આપ્યો હતો. ત્યારે આ સ્ટેને વધુ લંબાવવાની માગણી હાઈકોર્ટે દ્વારા ફગાવી દેવામાં આવી હતી.

# સિવિલ હોસ્પિટલના પટાંગણમાં ખાનગી વાહનોની અવર જવરથી લોકો ત્રાહીમામ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રની સૌથી મોટી સીવીલ હોસ્પિટલમાં સૌરાષ્ટ્રભરના હજારો દર્દીઓ લાભ લેવાં આવે છે. તેમજ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં દર્દીઓ અને તેમને લઈ આવતાં સબંધીઓને કોઈ તકલીફ ન થાય તે માટે સિવિલ તંત્ર દ્વારા એક નિયમ બહાર પાડવામા આવ્યો હતો. જેમાં બહારના દર્દી સિવાયના અન્ય વાહનોને કે ખાનગી રિક્ષાને અંદર પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવામા આવ્યો છે અને તેમના માટે સિવિલ હોસ્પિટલના મુખ્ય ગેટ પર મોટું બોર્ડ પણ મુકવામાં આવ્યું છે. પરંતુ સિવિલ હોસ્પિટલનું નિર્ભર તંત્ર કાયમની માફક આંખ આડા કાન કરવાની ટેવ ધરાવતું હોય તેમ ગેટ પાસે વિશાલ બોર્ડ મુક્યો હોવા છતાં નિયમનો ઉલાળીયો કરી રીક્ષાચાલકો બેફિકરાઈથી પોતાના વાહનો ચલાવી વ્હિલચેરમાં કે ચાલીને જતાં દર્દીને ઠોકરે ચડાવી નુકશાન પહોંચે તેમ પસાર થતાં થાય છે. ઉપરાંત ઘણી વખતતો દર્દીઓ અને તેમની સાથેના સબંધીઓને ઇજા પહોંચાડીને નાસી છૂટતાં હોય છે. તેમજ સિવિલ સુપ્રીટેન્ડેટ અવારનવાર રાઉન્ડ ચેકીંગમા નીકળતાં હોવાં છતાં તેમને રીક્ષા ચાલકો સાથે શું લાગણી છે કે, પોતે જ બનાવેલ નિયમનો તેમની સામે જ રિક્ષાચાલકો ઉલાળીયો કરતાં હોવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી.

# વૃંદાવન પાર્કમાં કારખાનેદાર અને ભગીરથ સોસાયટીમાં પ્રૌઢના શ્વાસ થંભી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વધુ બે વ્યક્તિના શ્વાસ થંભી જતા બે પરિવારોમાં અરેરાટી વ્યાપી ગઈ છે મવડીમાં કારખાનેદારનું અને સામા કાંઠે પ્રૌઢનું હૃદય રોગના હુમલાથી મોત નીપજયુ છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના મવડીમાં આવેલ વૃંદાવન પાર્કમાં રહેતા અને શાપર-વેરાવળમાં કારખાનું ધરાવતા બટુકભાઈ રણછોડભાઈ પાનસુરીયા ઉ.૬૧ નામના વૃદ્ધ સવારે ઘરે હતા ત્યારે અચાનક છાતીમાં દુખાવો ઉપડતા તેમને સારવાર અર્થે ખાનગી હોસ્પીટલમાં ખસેડાયા હતા પરંતુ સારવાર કારગત નીવડી ન હતી પ્રાથમિક તપાસમાં વૃદ્ધનું હાર્ટએટેકથી મોત થયું હોવાનું જાણવા મળ્યું છે મોભીના મોતથી એક પૂત્રએ પિતાનું છત્ર ગુમાવ્યું છે જયારે સામા કાંઠે સંત કબીર રોડ ઉપર ભગીરથ સોસાયટીમાં રહેતા ધીરૂભાઈ ખોડાભાઈ પાનસુરીયા ઉ.૫૨ રાત્રે સુતા બાદ સવારે નહિ ઉઠતા બેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પીટલે ખસેડાયા હતા પરંતુ ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરતા બી ડીવીઝન પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો મૃતક ત્રણ ભાઈ બે બહેનમાં નાના અને અપરણિત હોવાનું તેમજ નિંદ્રાધીન અવસ્થામાં જ એટેક આવી ગયો હોવાનું જાણવા મળ્યું છે.

# રાધાપાર્કમાં આર્થિક ભીંસથી કંટાળી કારખાનેદારનો આપઘાત

## યુવાને છતના હુંકમાં દોરડુ બાંધી ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી નાંખતા પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા સોલ્વન્ટમાં રાધાપાર્કમાં રહેતા કારખાનેદારે ગળેફાંસો ખાઈ આપઘાત કરી જિંદગી ટૂંકાવી લેતા પરિવારમાં શોક છવાયો છે.બનાવની જાણ આજીડેમ પોલીસને કરવામાં આવતા પોલીસ દોડી તપાસ હાથ ધરી હતી.પોલીસની પ્રાથમિક તપાસમાં યુવકે આર્થિકખેંચથી પગલું ભર્યાનું જાણવા મળ્યું છે.

આ અંગેની માહિતી મુજબ મૂળ જસદણના કુંડાળા ગામના વતની અને ના કોઠારીયા સોલવન્ટમાં રાધાપાર્કમાં રહેતાં જીજ્ઞેશ મગનભાઈ પદમાણી (ઉ.વ.૨૨) નામના યુવકે ગતરોજ સાંજે પોતાના ઘરે રૂમમાં છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો પરિવારજનો રૂમમાં જતા પુત્રને લટકતી હાલતમાં જોતા તુરંત નીચે ઉતારી ૧૦૮ને જાણ કરતાં ૧૦૮ની ટીમ બનાવ સ્થળે પહોંચી ઈએમટીએ યુવકને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો અને બનાવની પોલીસને કરવામાં આવતા આજીડેમ પોલીસ દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

મૃતક જીજ્ઞેશ ઘર નજીક ભાડાના મકાનમાં જોબવર્ક કામનું કારખાનું ધરાવતો હતો.છેલ્લા કેટલાક મહિનાથી ધંધામાં મંદ આવતાં આર્થિક ભીસમાં આવી જતા ટેન્શનમાં આપઘાત કરી લીધાનું જાણવા મળ્યું છે. પરિવારના આધારસ્તંભ એક ના એક પુત્રના મોતથી પરિવાર શોકમાં ગરકાવ થયો છે. આ મામલે આજીડેમ પોલીસ મથકના સ્ટાફે કાગળો કર્યા હતા.

# ગોંડલના ત્રાકુડા ગામે યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

## યુવતીએ ઝેરી દવા પી લેતા સારવાર મળે તે પહેલાં જ મોત નિપજયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ત્રાકુડા ગામે રહેતા યુવાને ગામના પાદરમાં આવેલા મકાનમાં ગળાફાંસો ખાઈ અને ગામમાં રહેતી યુવતીએ ઝેરી દવા પી આપઘાત કરી લીધાનો બનાવ પોલીસમાં નોંધાયો હતો. પોલીસે બનાવનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી હતી.

આ બનાવ અંગેની વિગત એવી છે કે, ત્રાકુડા ગામે રહેતા સતીષ ગોવિંદભાઈ મકવાણા નામના યુવાને કોઈ કારણસર ગામના પાદરમાં આવેલા રસીકભાઈ ભૂતના મકાનમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગેની જાણ જતા મૃતકના પરિવારજનો અને પોલીસ સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહ પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક સતીષ માતા-પિતા સાથે રહેતો હતો અને અપરિણીત હતો.

દરમિયાન ત્રાકુડા ગામે રહેતી દષ્ટિબેન વિપુલભાઈ જોષી નામની યુવતીએ તેના ઘેર ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. પોલીસે મૃતદેહ પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. આ બનાવના પગલે બંને પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી હતી.

# ગોંડલની ભુંણાવા ચોકડી પાસે બાઈક ખાડામાં પડતા પ્રૌઢનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રાજકોટ નેશનલ હાઇવે ભુણાવા ચોકડી પાસે સિક્સલેનના કામમાં ખાડામાં બાઈક સાથે પ્રૌઢ પટકાતા ગંભીર ઇજા પહોંચી હતી. બાદમાં ટુંકી સારવારમાં રાજકોટ સીવીલ હોસ્પિટલમાં દમ તોડતા પરિવારમાં શોક છવાયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ ગોંડલના હડમતાળામાં રહેતા રણછોડભાઈ જેરામભાઈ પીપળીયા (ઉ.વ.૫૦) ગઇ તા.૮ના સાંજના સમયે પોતાના બાઇકમાં જતા હતાં. ત્યારે ભુણાવા ચોકડી પાસે સિકક્સલેન હાઇવેના કામમાં પુલનું કામ ચાલી રહ્યું હોવાથી ત્યાં લગાડેલું ડાઇવર્ઝનનું બોર્ડ તેઓને ધ્યાને ન આવતા તેઓ બાઈક સાથે ખાડામાં પટકાયા હતા. અકસ્માતનાં પગલે ઘટના સ્થળે લોકો એકઠા થયા હતા. બાદમાં ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે રાજકોટ સીવીલ હોસિપટલે ખસેડાયા હતા. ત્યાં તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

# મધ્યસ્થ જેલમાં આઠ કેદીઓએ ધોરણ ૧૦ની પરીક્ષા આપી: ચાર ઉતિર્ણ થયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ની પરીક્ષાનુ આયોજન કરવામાં આવેલ હતુ. રાજ્યની જેલોમાં રહેલ બંદીવાનો ધોરણ-૧૦ની પરીક્ષા આપી શકે તે માટે રાજ્યની જેલોના વડા ડો.કે.એલ.એન.રાવ, પોલીસ મહાનિદેશક, જેલ અને સુધારાત્મક વહિવટ, ગુજરાત રાજય અમદાવાદનાઓના બંદીવાનોના અભ્યાસ માટેના સકારાત્મક વલણ તેમજ પ્રયાસો હાથ ધરી રાજ્યની તમામ જેલોને જરૂરી માર્ગદર્શન તેમજ સુચનાઓ આપવામા આવેલ. જે અનુસંધાને અત્રેની કચેરી દ્વારા જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરી, રાજકોટના પરામર્સમાં રહી જેલમાં બોર્ડની પરીક્ષાનુ આયોજન કરવામાં આવેલ. જેમાં રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે રહેલ બંદીવાનો દ્વારા ધોરણ-૧૦ની પરીક્ષા આપવામા આવેલ હતી. આ પરીક્ષામાં કુલ-૦૮ બંદીવાનોએ ભાગ લીધેલ હતો. જે પૈકી પાકા કામના બે કેદી ચુડાસમા નરેશ મનસુખભાઇ, વેસરા રવા હમીરભાઇ તથા કાચા કામના બે આરોપી , જુનેદ ઇકબાલ ચૌહાણ, પાર્થ મહેશભાઇ જોગીયાણી ઉતિર્ણ થયેલ છે. ઉતિર્ણ થયેલ તમામ બંદીવાનોને પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર.ઝાલાનાઓ દ્વારા પુષ્પગુચ્છ આપી શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી. બોર્ડ દ્વારા લેવામાં આવેલ પરીક્ષામાં અત્રેની જેલના શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતાં જેલ સહાયક શ્રી જસ્મિનભાઈ વી.ચંદ્રવાડિયાનાઓએ પ્રશંસનીય તથા શ્રેષ્ઠ કામગીરી કરેલ હતી તેઓની આ કામગીરી માટે જેલ અધિક્ષક એ.પી. જાડેજા દ્વારા પ્રશંસાપત્ર એનાયત કરી અભિનંદન પાઠવેલ હતા.

# ધારીના જીરા ગામના પ્રેમી પંખીડા દીયર-ભાભીનો આપઘાત

**મુખ્ય સમાચાર, અમરેલી**

ધારીના જીરા ગામના દિયરને તેના કૌટુંબિક ભાભી સાથે પ્રેમ સંબંધ હતો જેમાં બન્નેએ માધુપુરના જંગલમાં જઈને સજોડે દવા પીધી હતી જેમાં ભાભીનું મોત થયું હતું અને બચી ગયેલા દિયરે પણ ફરી ગળાફાંસો ખાઈને પોતાની જિંદગીની આહુતિ આપી દીધી છે. ધારી તાલુકાના જીરા ગામે રહેતા અશ્વિન ભરતભાઈ ચારોલીયાને તેમના કુટુંબી ભાભી સોનલબેન સાથે પ્રેમ સબંધ હોય આજથી એકાદ માસ પહેલા અશ્વિન તથા સોનલબેન જીરા ગામેથી ભાગી માધુપુર ગામની સીમમાં આવી બંનેએ પોતે પોતાની મેળે કોઈ ઝેરી દવા પી લેતા બંનેને અમરેલી સારવારમાં દાખલ કરાયા હતા જયાં સારવાર દરમ્યાન સોનલબેનનું અવસાન થયું હતું અને અશ્વિનને સારૂ થઈ ગયું હતું. બાદમાં અશ્વિનને સોનલબેન સાથેના પ્રેમ સબંધના કારણે મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે દોરડા (રસ્સી) વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી જવા પામી છે.